અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ જુલાઈ ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અસાઢ વદ ૪ | અંક : ૧૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


# ઉજ્જવલ નિકમ સહિત ૪ લોકો બનશે રાજ્યસભાના સાંસદ

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓને નામાંકિત કર્યા, નામાંકિત વ્યક્તિઓમાં ભૂતપૂર્વ રાજદ્વારી હર્ષ શ્રૃંગલા, ઉજ્જવલ નિકમ, ઇતિહાસકાર મીનાક્ષી જૈન, સામાજિક કાર્યકર સદાનંદન માસ્ટરનો સમાવેશ

| નવી દિલ્હી, તા.૧૩ |

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે (૧૩ જુલાઈ, ૨૦૨૫) ચાર પ્રતિષ્ઠિત વ્યક્તિઓને રાજ્યસભામાં નોમિનેટ કર્યા. આમાં ભૂતપૂર્વ રાજદ્વારી હર્ષ શ્રૃંગલા, વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકમ, ઈતિહાસકાર મીનાક્ષી જૈન અને સામાજિક કાર્યકર સદાનંદન માસ્ટરના નામનો સમાવેશ થાય છે. આ યાદી ખાસ કરીને હર્ષ શ્રૃંગલા અને ઉજ્જવલ નિકમના નામો પર કેન્દ્રિત છે, જેઓ પોતપોતાના ક્ષેત્રોમાં તેમના વિશિષ્ટ યોગદાન માટે જાણીતા છે. હર્ષ શ્રૃંગલા ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ રહી ચૂક્યા છે અને અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેમને રાજદ્વારી અને વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત માનવામાં આવે છે. ઉજ્જવલ નિકમની ગણતરી દેશના જાણીતા ખાસ સરકારી વકીલોમાં થાય છે, જેમણે ઘણા હાઈ-પ્રોફાઈલ અને આતંકવાદ સંબંધિત કેસોમાં પ્રભાવશાળી ભૂમિકા ભજવી છે. તેમની કારકિર્દી ૧૯૯૧માં કલ્યાણ બોમ્બ વિસ્ફોટ કેસ સાથે ચર્ચામાં આવી હતી, જેમાં તેમણે મુખ્ય આરોપી રવિંદર સિંહને દોષિત ઠેરવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પછી, તેમને ૧૯૯૩ના મુંબઈ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કેસમાં રાજ્ય સરકાર વતી ખાસ સરકારી વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જે તેમની કારકિર્દીમાં એક મોટો વળાંક સાબિત થયો.



નિકમે ૧૪ વર્ષથી વધુ સમય સુધી ટાડા કોર્ટમાં સેવા આપી અને આતંકવાદ સંબંધિત કેસોમાં કાર્યવાહીનું નેતૃત્વ કર્યું. તેમનો સૌથી પ્રખ્યાત કેસ ૨૦૦૮નો ૨૬/૧૧નો મુંબઈ હુમલો હતો, જેમાં તેમણે પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબ સામે રાજ્ય સરકારનો પક્ષ મજબૂત રીતે રજૂ કર્યો હતો. બાદમાં, નિકમે ખુલાસો કર્યો કે તેમણે જાણી જોઈને મીડિયા સમક્ષ કસાબ દ્વારા જેલમાં મટન બિરયાની માંગણી કરવાના સમાચાર ફેલાવ્યા હતા જેથી જનતાના ગુસ્સાને યોગ્ય દિશા મળી શકે. આ નિવેદન લાંબા સમય સુધી સમાચારમાં રહ્યું. ડૉ. મીનાક્ષી જૈન મધ્યયુગીન અને કોલોનિયલ ભારતના પ્રખ્યાત ઈતિહાસકાર છે. તે દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં ઈતિહાસના ભૂતપૂર્વ એસોસિયેટ પ્રોફેસર, નહેરુ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીના ભૂતપૂર્વ ફેલો અને ભારતીય ઐતિહાસિક સંશોધન પરિષદના ગવર્નિંગ કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય છે. તેઓ હાલમાં ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદના સિનિયર ફેલો છે. તેમના સંશોધન ક્ષેત્રોમાં મધ્યયુગીન અને પ્રારંભિક આધુનિક ભારતમાં સાંસ્કૃતિક અને ધાર્મિક વિકાસનો સમાવેશ થાય છે. તેમના ઊંડાણપૂર્વક સંશોધન કરાયેલા પુસ્તકો રાષ્ટ્રીય મહત્વના ઐતિહાસિક મુદ્દાઓ સાથે સંબંધિત છે. ફ્લાઈટ ઓફ ધ ગોડ્સ એન્ડ ધ રિબર્થ ઓફ ટેમ્પલ્સ (૨૦૧૯), વોર ફોર રામઃ ધ કેસ ઓફ ધ ટેમ્પલ એટ અયોધ્યા (૨૦૧૭), સતીઃ ઈવેન્જલિસ્ટ્સ, બાપ્ટિસ્ટ મિશનરીઝ એન્ડ ધ ચેન્જિંગ કોલોનિયલ ડિસકોર્સ (૨૦૧૬), રામ એન્ડ અયોધ્યા (૨૦૧૩), પેરેલલ પાથ્સઃ એસેઝ ઓન હિન્દુ-મુસ્લિમ રિલેશન્સ (૧૭૦૭-૧૮૫૭) (૨૦૧૦). વર્ષ ૨૦૨૦ માં, ડૉ. મીનાક્ષી જૈનને તેમના યોગદાન બદલ ભારત સરકાર તરફથી પદ્મશ્રી એવોર્ડ મળ્યો.

સદાનંદન માસ્ટર દાયકાઓથી શિક્ષણ અને સામાજિક સેવાના ક્ષેત્રમાં કાર્યરત છે. તેમણે શિક્ષણ અને સામાજિક જાગૃતિને પ્રોત્સાહન આપ્યું છે, ખાસ કરીને વંચિત વર્ગો, અનુસૂચિત જાતિ અને જનજાતિઓમાં. તેમની છબી પાયાના સ્તરે કામ કરતા સમર્પિત કાર્યકરની છે.

### ન્યૂઝ બ્રિફ

## મુંબઈમાં રિક્ષાચાલકને ટોળાંએ ઢોર માર માર્યો

| મુંબઈ, તા.૧૩ |

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના વિરારમાં શનિવારે એક ઓટો રિક્ષા ચાલકને માર મારવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોમાં દેખાય છે કે શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે જૂથ) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરોએ જાહેરમાં ડ્રાઈવરને માર માર્યો હતો અને મરાઠી ભાષા અને મહારાષ્ટ્ર વિરુદ્ધ કથિત રીતે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ માફી મગાવી હતી. થોડા દિવસો પહેલા, વિરાર સ્ટેશન પરિસરમાં એક રિક્ષા ચાલક અને ટુ-વ્હીલર સવાર વચ્ચે મરાઠી ભાષાને લઈને ઝઘડો થયો હતો. રિક્ષા ચાલક યુવકને ધમકાવતો અને મરાઠી ભાષામાં બોલવાનો વિરોધ કરતો જોવા મળ્યો હતો. રિક્ષા ચાલકે યુવકને પણ ધમકી આપી હતી અને તેને ભોજપુરી અને હિન્દી બોલવાની ફરજ પાડી હતી. વાયરલ વીડિયો મુજબ આ ઘટના વિરાર રેલ્વે સ્ટેશન નજીક એક વ્યસ્ત રસ્તા પર બની હતી. એવું જાણવા મળ્યું હતું કે બહારથી આવેલા સ્થળાંતરિત ડ્રાઈવરે કથિત રીતે મરાઠી ભાષા, મહારાષ્ટ્ર રાજ્ય અને મરાઠી આઈકોન્સ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આનો એક અલગ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે,

### રાજ્યસભા માટે નોમિનેટ થયા બાદ ઉજ્જવલ નિકમનું નિવેદન

## વડાપ્રધાન મોદીએ મારી સાથે મરાઠીમાં વાત કરી

### લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન હું પીએમ મોદીને મળ્યો હતો, ત્યારે તેમણે મારા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાજ્યસભા માટે ચાર નવા સભ્યોની નિમણૂક કરી છે. તેમાં જાણીતા વકીલ ઉજ્જવલ નિકમ, પૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા, ઈતિહાસકાર ડૉ. મીનાક્ષી જૈન અને કેરળના સામાજિક કાર્યકર સી. સદાનંદન માસ્ટરનો સમાવેશ થાય છે. આ અવસર પર ઉજ્જવલ નિકમે જણાવ્યું કે, મારા માટે આ ગર્વ અને સન્માનની ક્ષણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મને ફોન પર આ વિશે માહિતી આપી હતી. તેમણે મારી સાથે મરાઠી ભાષામાં વાતચીત કરી હતી. ૨૬/૧૧ મુંબઈ હુમલા કેસ સહિત ઘણાં હાઈ-પ્રોફાઈલ ક્રિમિનલ કેસોમાં સરકારી વકીલ રહી ચૂકેલા ઉજ્જવલ નિકમે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફોન કર્યો ત્યારે તેમણે મને પૂછ્યું કે વાતચીત હિન્દીમાં થવી જોઈએ કે મરાઠીમાં. આ સાંભળીને અમે હસી પડ્યા. ત્યારબાદ પીએમ મોદીએ મરાઠીમાં કહ્યું કે રાષ્ટ્રપતિ મને



રાજ્યસભાની જવાબદારી આપવા માંગે છે. મે સંમતિ આપી અને આ સન્માન માટે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને પાર્ટી નેતૃત્વનો આભાર માન્યો. તેમણે ખાતરી આપી કે હું આ જવાબદારીઓ સંપૂર્ણ પ્રામાણિકતાથી નિભાવીશ. વડાપ્રધાન મોદી અંગે ઉજ્જવલ નિકમ જણાવ્યું કે, લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન હું પીએમ મોદીને મળ્યો હતો, ત્યારે તેમણે મારા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે તે મુલાકાત પછી રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાં નોમિનેટ થવું એ મારા માટે એક મોટી જવાબદારી છે. આ મારા માટે વ્યક્તિગત સન્માન જ નહીં પરંતુ દેશની ન્યાયિક વ્યવસ્થા અને કાનૂની વ્યવસાય માટે પણ સન્માન છે. જાણીતા વકીલ ઉજ્જવલ નિકમ દેશના સૌથી ચર્ચિત કેસોમાં ફરિયાદ પક્ષ વતી વકીલ રહ્યા છે. તેમણે ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાના મુખ્ય આરોપી અજમલ કસાબને મૃત્યુદંડની સજા અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત તેમણે ૧૯૯૩ મુંબઈ બોમ્બ વિસ્ફોટ, પ્રહલાદ શિંદે દુષ્કર્મ કેસ, સુનંદા પુષ્કર કેસ અને નરેન્દ્ર દાભોલકર હત્યા કેસમાં વિશેષ ફરિયાદી તરીકે પણ કામ કર્યું છે. મહારાષ્ટ્ર સરકારે ઉજ્જવલ નિકમને કાયદાકીય યોગદાન માટે સન્માનિત કર્યા છે. તે સામાન્ય લોકોમાં ન્યાયની આશા રાખતા અને આતંકવાદ સામે મજબૂત વલણ ધરાવતા વકીલ તરીકે જાણીતા છે.

### પાડોશીએ નવો ભાંડો ફોડ્યો, દીકરીની હત્યા છતાં માતા મૌન

## અન્ય જાતિમાં લગ્ન કરવા માગતી હતી રાધિકા

### ગુરુગ્રામ પોલીસના જણાવ્યા અનુસાર દીપકે સ્વીકાર કર્યો કે તેણે હત્યાની યોજના પહેલાથી બનાવી હતી

| (એજન્સી) ગુરુગ્રામ, તા.૧૩ |

રાધિકા યાદવ મર્ડર કેસની ચર્ચા હાલમાં ખૂબ થઈ રહી છે. આ કેસે દેશને હચમચાવી નાખ્યો. લોકો તેની સાથે જોડાયેલી દરેક નાની મોટી અપડેટ જાણવા માગે છે. પોલીસનું કહેવું છે કે રાધિકાના પિતાએ જ તેને મોતને ઘાટ ઉતારી દીધી. આરોપી પિતા દીપક યાદવે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે. પોલીસના જણાવ્યા અનુસાર, દીપક પોતાની દીકરી રાધિકાના ટેનિસ એકેડમી ખોલવાના નિર્ણયથી નારાજ હતો. પોલીસનું તો એવું પણ કહેવું છે કે, તેમણે કેટલીયે વાર પોતાની દીકરીને સમજાવી હતી કે તે એકેડમી બંધ કરી દે, પણ રાધિકા માની નહીં. રાધિકા સ્ટેટ લેવલની ટેનિસ ખેલાડી હતી. પિતાએ તેને ચાર ગોળી ધરબી દીધી હતી. તે સમયે તે નાસ્તો બનાવી રહી હતી. આ કેસમાં ક્ષણે ક્ષણે નવી નવી વાતો સામે આવી રહી છે.

કહેવાય છે કે, રાધિકા પોતાની જાતિથી બહાર લગ્ન કરવા માગતી હતી. તેના પિતા આ વાતે નારાજ હતા. રાધિકાના ગામ વઝીરાબાદના એક પાડોશીએ જણાવ્યું કે દીપક રાધિકાની પસંદના જીવનસાથીથી ખુશ નહોતો. ૪૭ વર્ષીય પાડોશીએ નામ ન છાપવાની શરતે જણાવ્યું છે કે, રાધિકા પોતાની જાતિથી બહાર લગ્ન કરવા માગતી હતી, પણ તેના પિતા તેને જાતિમાં જ લગ્ન કરાવવા માગતા હતા. તેઓ જૂના રૂઢિચુસ્ત વિચારોવાળા વ્યક્તિ હતા. આ બાજુ રાધિકાની મા મંજૂ યાદવે પોલીસને નિવેદન આપવાની ના પાડી દીધી છે. તેમણે કહ્યું કે, ભલે તે ઘટના સમયે ફ્લેટમાં હતી, પણ તેને તાવ હતો અને તેણે કંઈ જોયું નથી.

ગુરુગ્રામ પોલીસના જનસંપર્ક અધિકારી સંદીપ કુમારના જણાવ્યા અનુસાર, પૂછપરછ દરમિયાન દીપકે સ્વીકાર કર્યો કે તેણે હત્યાની યોજના પહેલાથી બનાવી હતી. જો કે, તેણે હજુ સુધી કોઈ સ્પષ્ટ કારણ જણાવ્યું નથી, પુષ્ટિ કરી કે તેની પત્નીને આ પ્લાનની જાણકારી હતી. પણ એવું લાગે છે કે તેની પાસે ઘણી જાણકારી હતી. રાધિકા યાદવ છેલ્લા એક વર્ષથી કલાકાર સાથે એક મ્યુઝિક વીડિયોમાં દેખાઈ હતી. કેટલાય લોકોનો દાવો છે કે, આ વીડિયોના કારણે ઘરમાં તણાવ રહેતો હતો. પોલીસનું કહેવું છે કે તમામ પાસાં પર તપાસ થઈ રહી છે. દીપકના પિતરાઈ ભાઈ રાજ કુમાર યાદવનું કહેવું છે કે, આ એકદમ ખોટું છે કે તે આર્થિક રીતે નબળો હતો.

### રેલ મંત્રાલયનો મોટો નિર્ણય

## અમદાવાદ-મુંબઈ વચ્ચે નહીં દોડે જાપાની બુલેટ ટ્રેન

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ |

દેશના પ્રથમ અત્યંત મહત્વાકાંક્ષી અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ કોરિડોર (બુલેટ ટ્રેન પ્રોજેક્ટ) પર જાપાની બુલેટ ટ્રેનને બદલે સ્વદેશી ટેકનોલોજીથી બનેલી સેમી-હાઈ સ્પીડ વંદે ભારત ટ્રેન ચલાવવામાં આવશે. આ ભારતીય રેલ્વેની પ્રથમ વંદે ભારત ટ્રેન હશે, જે ૨૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. અગાઉ એવો દાવો કરવામાં આવ્યો હતો કે બુલેટ ટ્રેન મુંબઈ-અમદાવાદ વચ્ચે ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ કોરિડોરના સુરત-બાલીમોરા (૫૦ કિમી) સેક્શનનું કામ અંતિમ તબક્કામાં છે અને વંદે ભારતનો ટ્રાયલ રન વર્ષના અંત સુધીમાં શરૂ કરવામાં આવશે.

### કેનેડા પણ હવે નહીં બચાવી શકે

## અમેરિકામાં FBIએ ૮ ખાલિસ્તાની આતંકવાદીઓને દબોચી લીધા

| (એજન્સી) કેલિફોર્નિયા, તા.૧૩ |

ભારત જે ખાલિસ્તાની આતંકીઓને ઠેર ઠેર શોધી રહ્યું હતું. તેને અમેરિકામાં એફબીઆઈએ દબોચી લીધા છે. અમેરિકાના કેલિફોર્નિયામાં ભારતીય મૂળના ખાલિસ્તાની આતંકીઓ અને ગેંગસ્ટર્સ પર મોટી કાર્યવાહી કરી છે. ૧૧ જૂલાઈના રોજ San Joaquin કાઉન્ટીમાં FBI અને કેટલીય લોકલ એજન્સીઓની સંયુક્ત કાર્યવાહીમાં આઠ લોકોની ધરપકડ કરી છે. આ તમામ એક સંગઠિત ગુનાહિત ટોળકી સાથે જોડાયેલા હતા અને એક અપહરણના કેસને લઈને ટાર્ગેટ પર હતા. FBIની સમયર હીટ પહેલ અંતર્ગત AGNET યૂનિટે Stockton Police SWAT, Manteca Police SWAT, Stanislaus County SWAT અને FBI SWAT સાથે મળીને પાંચ અલગ અલગ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. ઓપરેશન ખૂબ જ પ્લાનિંગ અનુસાર પાર પાડવામાં આવ્યું હતું, જેમાં ભારે હથિયારો અને રોકડ સહિત મહત્ત્વના પુરાવા એકઠા થયા છે.




# જામનગરમાં વેપારીને પોતાના ભાડુઆત તરફથી દગો મળ્યો

। (એજન્સી) જામનગર,તા.૧૩ ।

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક દરજી વેપારીને પોતાના ભાડુઆત તરફથી દગો થયો છે. અને માત્ર ૩૦ કલાક માટે ભાડે રહેવા માટે આવેલા એક દંપતિ સહિત ત્રણ શખ્સો રૂપિયા એક લાખની માલમતા ચોરી કરીને રફુચક્કર થઈ ગયા હતા. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે આરોપીને સકંજામાંમાં લીધા છે, અને ચોરાઉ સામગ્રી કબજે કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર જામનગરમાં શંકર ટેકરી સુભાષ પરા શેરી નંબર ૧ માં રહેતા અને પોતાના મકાનની બાજુમાં જ દરજીકામની દુકાન ચલાવતા રાહુલભાઈ વસંતભાઈ પીઠડીયા નામના ૫૦ વર્ષના દરજી વેપારીએ પોતાના મકાનમાં ભાડેથી રહેવા માટે આવ્યા પછી તેના રૂમમાં રાખેલો પોતાનો કબાટ કે જેનો લોક તોડી નાખી અંદરથી સોના ચાંદીના દાગીના, રોકડ તથા અન્ય સામગ્રી સહિત કુલ રૂપિયા ૯૫,૭૦૦ ની માલમતાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ હિમાંશુ જયંતીભાઈ સોલંકી તેની પત્ની કાજલ તથા અન્ય એક મિત્ર અશોક સામે નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર રાહુલભાઈના પડોશમાં રહેતા એક પરિચિત એવા બુઝુર્ગે હિમાંશુ સોલંકી કે જેણે પોતાની જાડેજા સરનેમ બતાવી હતી, અને ખોટું આધાર કાર્ડ દેખાડી સિક્યુરિટી વિભાગમાં નોકરી કરે છે, અને મકાન ભાડેથી જોઈએ છે. તેમ જણાવી ભાડેથી રહેવા માટે આવ્યા હતા, અને રાહુલભાઈ પોતે એકલા રહેતા હોવાથી પોતાનો ઉપરનો મકાનનો ભાગ ખાલી હોવાથી પાડોશીના કહેવાના લીધે ભરોસો રાખીને મકાન ભાડેથી આપ્યું હતું. જેમાં હિમાંશુભાઈ સોલંકી તેની પત્ની કાજલ અને તેનો અન્ય એક મિત્ર અશોક અને બાળકો વગેરે ભાડેથી રહ્યા હતા. તેઓ અચાનક ભાડેથી આવ્યા હોવાથી રાહુલભાઈ નો એક કબાટ કે જે તેઓના રૂમમાં પડ્યો હતો, જે બે ત્રણ દિવસમાં ખસેડી લેશે. તેમ કહ્યું હતું. જેનો ગેરલાભ લઈને આરોપી હિમાંશુ સોલંકી વગેરેએ કબાટનો લોક તોડી નાખ્યો હતો. અને અંદર રાખેલા સોના ચાંદીના ઘરેણા તેમજ રૂપિયા ૬૦૭૦૦ ની રોકડ રકમ વગેરે મળી ૯૫,૭૦૦ ની માલમતા ચોરી કરી લીધી હતી. ત્યારબાદ તમામ આરોપીઓ કે જેઓએ રાહુલભાઈને જણાવ્યું હતું કે તમારા પત્નીનું કોરોના કાળ દરમિયાન અવસાન થયું છે, તે અમને રૂમમાં સફેદ કપડું ઢાંકીને સૂતેલા દેખાય છે, અને અમને ડર લાગે છે તેમ કહીને નીચે ઉતરી ગયા હતા. અને ઘર છોડીને ચાલ્યા ગયા હતા. ત્યારબાદ પાછળથી રાહુલભાઈએ પોતાના કબાટનું ઉપર જઈને નિરીક્ષણ કરતાં ઉપરોક્ત ચોરી થઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હોવાથી સમગ્ર મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો. દરમિયાન આરોપી હિમાંશુ સોલંકીને પોલીસે શોધી કાઢ્યો હતો, અને તેની પૂછપરછ હાથ ધરી છે. તેમજ ચોરાઉ સામગ્રી વગેરે કબજે કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જે આરોપી જામનગર નો જ વતની છે, પરંતુ તેણે ખોટી ઓળખ આપી અન્ય વ્યક્તિનું આધાર કાર્ડ બતાવીને મકાન ભાડેથી મેળવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

## ભરૂચના યુવકની આફ્રિકામાં હત્યા થઈ,પરિવારમાં માતમ

। (એજન્સી) ભરૂચ, તા.૧૩ ।

જંબુસર તાલુકાના સારોદ ગામના યુવાન સાહીલ અજીજ મુન્શીની હબસી લોકોએ આફ્રિકામાં ગોળી મારી હત્યા કરી છે. દક્ષિણ આફ્રિકામાં નીગ્રો જાતિના લોકોએ જંબુસરના સારોદ ગામના યુવકની હત્યા કરી લેતા તેના પરિવારમાં માતમ છવાયો છે. જંબુસર તાલુકાનાં સારોદ ગામના સાહિલ અબ્દુલ અઝીઝ મુનશી દક્ષિણ આફ્રિકામાં રોજગારી મેળવવા માટે સ્થાયી થયો હતો. પરંતુ આફ્રિકાના દેશોમાં ઘણીવાર ભારતીયોને યેનકેન પ્રકારે મૃત્યુના શરણે જવું પડે છે. સારોદ ગામનાં સાહિલ અબ્દુલ અજીજ મુનશી નોકરીએથી છૂટીને પરત પોતાના ઘર તરફ ગાડીમાં જઈ રહ્યા હતો ત્યારે નીગ્રો જાતિના લોકોએ લૂંટવા માટે તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પહેલા તો યુવકને ગોળી મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. તેમ છતાં યુવકે હિંમત રાખીને ગાડી ચલાવી હતી. પરંતુ તેમનો પીછો કરી દૂર જઈને તેમની ગાડી ઉપર છ થી સાત ગોળીઓ ધરબી દીધી હતી. આમ, સાહિલને ગોળી વાગતા તેનું કરુણ મોત થયું હતું. બનાવની જાણ જંબુસર તાલુકામાં અને સારોદ ગામે વાયુવેગે ફેલાતા લોકોમાં શોક ની લાગણી જન્મી હતી. ભરૂચ જિલ્લાના ઘણા યુવાનો વર્ષોથી રોજગારી મેળવવા માટે દક્ષિણ આફ્રિકાના દેશોમાં જાય છે. પરંતુ ત્યાં તેમને નીગ્રો જાતિના લોકો લૂંટના ઈરાદે આવે છે અને ભારતીયોને નિશાન બનાવી મૃત્યુના શરણે લઈ જાય છે. જેના કારણે પરિવાર પર આફત આવી પડે છે. અત્રે ઉલ્લેખની આ બાબત છે કે સાહિલભાઈ મુનશી હાલ રોઝા કરી રહ્યો હતો. તેને પરિવારમાં સાત વર્ષની દીકરી અને ત્રણ વર્ષનો દીકરો છે.

## કડોદરા પંથકમાં વધુ એક હત્યાની ઘટના પ્રકાશમાં આવી, સાથી કામદારને ઉતાર્યો મોતને ઘાટ

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

પલસાણા તાલુકાના તાતીથૈયા ગામે રામદેવ સોસાયટી નજીક હત્યા ઘટના બની હતી. પરપ્રાંતીય કામદારો એકબીજાના અંદરના ઝઘડામાં સાથી કામદારની હત્યા કરી મોત નીપજાવવાની ઘટના બની છે. મૃતક સાથી કામદારો પાસે પીવા માટે પાણી માગતા પાણી નહીં આપી ઉશ્કેરાયેલ અન્ય કામદારોએ ચપ્પુ વડે હુમલો કરી હત્યા કરી હતી.

સુરત જિલ્લામાં હત્યા માટે એપી સેન્ટર બની ગયેલ કડોદરા પંથકમાં વધુ એક હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. પલસાણા તાલુકાના તાતીથૈયા ગામે સોનાલી ડાંગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાં કેટલાક શ્રમિકો મજૂરી કામ કરી રહ્યા છે. આ શ્રમિકો પૈકી ગતરોજ લવકુશ કામેશ્વર ચૌહાણ તેમજ અખિલેશ અને મુકેશ ચૌહાણ કામકાજ દરમિયાન કેન્ટીનમાં ચા નાસ્તો કરવા બેઠા હતા. ત્યારે તેઓની સાથે જ મિલમાં કામ કરતો રૂપમ ચોરસિયા અને સાજન શાહ પણ ત્યાં હાજર હોય પોતે પાણી લઈને આવતો હતો. જેથી લવકુશ ચૌહાણ સાજન પાસે પાણી માગતા પાણી નહીં આપી ઝઘડો શરૂ કર્યો હતો. થોડી બોલાચાલી બાદ તમામ કારીગરો છૂટા પડી ગયા હતા. પરંતુ ઝઘડો કામદારો પરસ્પર ભૂલી શક્યા ન હતા. બાદમાં રાત્રિના સુમારે અખિલેશ ચૌહાણ તેમજ ફૂલેન્દર ચૌહાણ નામના શખ્સ ઉપર રૂપમ ચોરસિયા સંદીપ ચોરસિયા તેમજ ભાનુ પરિહારે અન્ય ત્રણ મિત્રોની મદદ વડે બાઈક પર આવી હુમલો કર્યો હતો.

## ફૂટપાથ પર ચાલતા દિનકરને ટ્રકે ટક્કર મારી

# અમેરિકામાં અકસ્માતમાં પાટણના યુવકનું મોત થયું

। (એજન્સી) પાટણ, તા.૧૩ ।

અમેરિકાની ધરતી ભારતીયો માટે સલામત નથી રહી. અમેરિકામાં ગુજરાતીઓની સપનાની નગરી છે, પરંતુ આ ધરતી અનેક ગુજરાતીઓના જીવ લઈ રહી છે. ત્યારે પાટણ શહેરના યુવાનનું અમેરિકામાં માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું છે. અમેરિકાના ટેક્સાસમાં મોલમાં કામ કરતા યુવકને એક ટ્રકે ટક્કર મારી હતી. ત્યારે આજે તેનો મૃતદેહ તેના વતન પાટણમાં લાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણ શહેરના મોટીસરા વિસ્તારના યુવાનનું અમેરિકામાં માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું છે. અમેરિકાનાં ટેક્સાસ સ્ટેટનાં પલેસિયસ શહેરમાં અકસ્માતની ઘટના બની હતી. પાટણનો દિનકર કનૈયાલાલ સિયોલા નામનો યુવક આ શહેરમાં નોકરી કરતો હતો. તે ફૂટપાથ પર ચાલી રહ્યો હતો ત્યારે એક ટ્રકે તેને ટક્કર મારી હતી.

ટ્રકની ટક્કરમાં દિનકરનું ત્યાં જ મોત નિપજ્યું હતું. દિનકલર સિયોલા શહેરના એક મોલમાં નોકરી કરતો હતો. દિનકર રીલ્સ બનાવવાનો શોખી હતો. ત્યારે તેની છેલ્લી રીલના શબ્દોએ તેના પરિવારની આંખ ભીંજવી હતી. 'કલ ખેલ મેં હમ હો ન હો ગરદીશ મેં તારે રહેંગે સદા' ગીત પર તેણે રીલ બનાવી હતી. મૃતક યુવાન દિનકર સિયોલાની આ રિલ તેની રિયલ લાઈફમાં સાચી સાબિત થી હતી. મૃતક યુવાન દિનકરની લાશ આજે પાટણ તેમનાં મોટીસરા નિવાસસ્થાન ખાતે લાવવામાં આવી હતી.

ગત વર્ષે પણ અમેરિકામાં એક રોડ અકસ્માતમાં મૂળ પાટણના યુવકનું કમકમાટીભર્યું મોત થયું હતું. ગત ઓગસ્ટ મહિનામાં હ્યુસ્ટનમાં ગેલેરિયા નજીક સર્જાયેલા હિટ-એન્ડ-રન કેશમાં દર્શિલ ઠક્કરે પોતાનો જીવ ગુમાવ્યો હતો.કારે દર્શિલે ટક્કર મારી હતી અને દૂર સુધી ઢસડીને લઈ ગઈ હતી.

એટલું જ નહીં, પરિસ્થિતિએ વધુ વિચિત્ર વળાંક ત્યારે લીધો જ્યારે દર્શિલ એક પછી એક અન્ય વાહનો નીચે પણ કચડાઈ ગયો. જો કે, આ દરમિયાન કોઈ પણ ડ્રાઈવરે ઘટનાસ્થળે ઉભા રહેવાની તસ્દી લીધી નહીં. એટલું જ નહીં, પરિસ્થિતિએ વધુ વિચિત્ર વળાંક ત્યારે લીધો જ્યારે દર્શિલ એક પછી એક અન્ય વાહનો નીચે પણ કચડાઈ ગયો. જો કે, આ દરમિયાન કોઈ પણ ડ્રાઈવરે ઘટનાસ્થળે ઉભા રહેવાની તસ્દી લીધી નહીં.

## મહિલાઓ સાથે યોગ ટીચરના અશ્લિલ યોગના વીડિયો વાયરલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીના યોગ ટીચર સુહેલ અંસારીએ યોગ શીખવાડતી વખતે મહિલાઓને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં હડકંપ મચ્યો છે.

સુહેલ અંસારી એક ખુલ્લા મેદાનમાં મહિલાઓને યોગ શીખવાડતો અને આ દરમિયાન અયોગ્ય રીતે સ્પર્શ કરતો દેખાયો હતો. વીડિયોમાં જોવા મળ્યાં પ્રમાણે, અંસારી એક મહિલાના બંને સાથળ પર ચઢીને કસરત કરતો દેખાયો હતો. આ વીડિયો વાયરલ થયાં બાદ મોટો હડકંપ મચ્યો હતો. વિવાદ વધતાં અંસારીએ એક વીડિયો બહાર પાડીને માફી માગી હતી. અંસારીએ કહ્યું કે "હું એક અદ્યતન યોગ શિક્ષક છું. મેં ૨૦૧૦માં કોમન વેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તાજેતરના વર્ષોમાં મેં આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક ગોલ્ડ મેડલ જીત્યા છે. હું છેલ્લા ૧૫ વર્ષથી યોગ શીખવી રહ્યો છું. મારી પાસે ડિપ્લોમા છે.

# વડોદરામાં નવી ડ્રેનેજ લાઈન અને રીપેરીંગ સહિતના કામે વહીવટી તંત્રએ રૂ.૪ કરોડ વધુ માંગ્યા

### મૂળ ટેન્ડર મંજૂર અને ભાવો પ્રમાણે આ વાર્ષિક કોન્ટ્રાક્ટમાં વધારાના રકમના કામો કરવા માટે કોન્ટ્રાક્ટરની સંમતિ માગવામાં આવી હતી

। (એજન્સી) વડોદરા,તા.૧૩ ।

વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા આગામી એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતના કામે કોન્ટ્રાક્ટરે નેટ અંદાજથી ૧૮ ટકા ઓછા મુજબ રૂ.૮ કરોડની નાણાકીય મર્યાદાના મંજૂર થયેલા વાર્ષિક કોન્ટ્રાક્ટ પેટે રૂ.૪ કરોડ વધારે આપવાની દરખાસ્ત સામે પાલિકા સ્થાયી સમિતિએ નાણાકીય મર્યાદા ઘટાડીને રૂ.૨ કરોડ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે શહેરના પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિત નાખવાની કામગીરી હેઠળ ૨૦૨૪-૨૫માં રૂપિયા પાંચ કરોડની નાણાકીય મર્યાદામાં કામગીરી કરવા માટેના યુનિટ રેટ મુજબ અંદાજથી ૧૮ ટકા ઓછા ભાવ પત્રને સ્થાયી સમિતિની મંજૂરી મળી હતી. જેથી કોન્ટ્રાક્ટર મે. રીધમ કન્સ્ટ્રક્શન અને વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેની મર્યાદા ૮-૮-૨૮ ના પૂરી થવાની છે ત્યારબાદ વાર્ષિક ઈજારા પેટે નાણાકીય મર્યાદા રૂપિયા ૩ કરોડનો સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ થયો હતો. ત્યારબાદ કોન્ટ્રાક્ટરને પુરવણી ઓર્ડર આપવામાં આવ્યો હતો હાલ પશ્ચિમ ઝોનમાં કુલ રૂપિયા ૮ કરોડના વાર્ષિક કોન્ટ્રાક્ટર પેટે ૭,૯૯,૬૧,૫૨૪નો અંદાજિત ખર્ચ નોંધાયો હતો. આગામી ચોમાસા દરમિયાન ઝોનની જરૂરિયાતને ધ્યાને લેવાનું અને હાલની વાર્ષિક કોન્ટ્રાક્ટની નાણાકીય મર્યાદામાં રૂપિયા ૪ કરોડની નાણાકીય મર્યાદા વધારવાની કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું. મૂળ ટેન્ડર મંજૂર અને ભાવો પ્રમાણે આ વાર્ષિક કોન્ટ્રાક્ટમાં વધારાના રકમના કામો કરવા માટે કોન્ટ્રાક્ટરની સંમતિ માગવામાં આવી હતી. જેથી કોન્ટ્રાક્ટરે રૂપિયા ચાર કરોડ વધારાના કામો માટે ડ્રેનેજ-ગટર પ્રોજેક્ટ અંગે મંજૂરી આપી હતી પરંતુ આ ઝોન માટે નવી ડ્રેનેજના લાઈન નાખવાના કામનો નવો કોન્ટ્રાક્ટ નક્કી કરવા માટે ભાવપત્રો મંગાવવામાં આવ્યા હતા.

જેથી પશ્ચિમ ઝોન વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિતની નાખવા નહીં કામગીરીઓ હાથ ધરી શકાય એવા હેતુથી નવો વાર્ષિક કોન્ટ્રાક્ટ મંજૂર થાય ત્યાં સુધી હાલની વાર્ષિક કોન્ટ્રાક્ટની નાણાકીય મર્યાદામાં રૂપિયા ૪ કરોડનો વધારો કરવો જરૂરી હોવાનું જણાવ્યું હતું.

પરિણામે પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા આગામી એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિત નાખવાના કામે કોન્ટ્રાક્ટર મે. રીધમ કન્સ્ટ્રક્શનના નેટ અંદાજિત ૧૮ ટકા ઓછા મુજબ કુલ ૮ કરોડની નાણાકીય મર્યાદાના મંજૂર થયેલા વાર્ષિક ઈજારા પેટે રૂપિયા ૪ કરોડના બદલે રૂપિયા બે કરોડ વધારવાની દરખાસ્ત સ્થાયી સમિતિએ મંજૂર કરી હતી. પરિણામે પશ્ચિમ ઝોનમાં પાલિકા દ્વારા આગામી એક વર્ષ માટે નવી ડ્રેનેજ લાઈન રીપેરીંગ સહિત નાખવાના કામે કોન્ટ્રાક્ટર મે. રીધમ કન્સ્ટ્રક્શનના નેટ અંદાજિત ૧૮ ટકા ઓછા મુજબ કુલ ૮ કરોડની નાણાકીય મર્યાદાના મંજૂર થયેલા વાર્ષિક ઈજારા પેટે રૂપિયા ૪ કરોડના બદલે રૂપિયા બે કરોડ વધારવાની દરખાસ્ત સ્થાયી સમિતિએ મંજૂર કરી હતી.

### નાણાંકીય વિવાદના કારણે કર્યો હુમલો

# અમદાવાદમાં ફરી કાયદો અને વ્યવસ્થાના ધજાગરા

। (એજન્સી) અમદાવાદ,તા.૧૩ ।

ગુજરાતમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. જાહેરમાં હત્યા અને ગોળીબાર જેવી ઘટનાઓ રાજ્યમાં જાણે સામાન્ય બનતી જઈ રહી છે. આવી જ એક ઘટના પટવા શેરી વિસ્તારમાં બની હતી. શુક્રવારે (૧૧ જુલાઈ) મોડીરાત્રે આ ઈટાલિયન બેકરી પાસે ત્રણ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં બે લોકોને ગોળી વાગી હતી. ત્યારબાદ બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

શુક્રવારે (૧૧ જુલાઈ) મોડી રાત્રે પટવા શેરી વિસ્તારમાં ઈટાલિયન બેકરી પાસે ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનામાં બે લોકોને ગોળી વાગી હતી. મળતી માહિતી મુજબ, રિયલ એસ્ટેટ સેક્ટર સાથે કથિત રીતે સંકળાયેલા ભાગીદારો ઝહુરુદ્દીન નાગોરી અને નઝીરખાન પઠાણ વચ્ચેના પૈસાની લેતી-દેતીને લઈને થયેલી ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોકે, બાદમાં આ વિવાદ હિંસક બની ગયો અને આરોપીએ ગોળીબાર કરવાનો શરૂ કરી દીધો. જેમાં નઝીરખાન પઠાણ તેમજ ત્યાંથી પસાર થતા એક રાહદારીને ગોળી વાગી હતી. ત્યારબાદ આરોપી ત્યાંથી ભાગી ગયો અને બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પ્રાથમિક ધોરણે આ વિવાદ કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટમાં નફાની વહેંચણી અને બાકી લેણાં અંગે લાંબા સમયથી ચાલી રહેલા મતભેદોને કારણે ઊભો થયો હતો. ઝઘડો ત્યારે વકર્યો જ્યારે આરોપીએ કથિત રીતે હથિયાર કાઢીને ઝઘડાના સ્થળે અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું. જોકે, ઘટનાની જાણ થતાં તુરંત જ કારંજ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને બેરિકેડ લગાવીને આખોય વિસ્તાર કોર્ડન કરી દેવામાં આવ્યો હતો. આ સાથે જ ફોરેન્સિકની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ, તપાસ માટે આજુબાજુના સીસીટીવી કેમેરાની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ મામલે, આરોપી સામે ભારતીય દંડ સંહિતા અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ ફ્રૈંઈ દાખલ કરવામાં આવી છે. પોલીસે આરોપી ઝહુરુદ્દીન નાગોરીની શોધખોળ શરૂ કરી છે. પોલીસે ગુનામાં સામેલ તમામ લોકો સામે કડક કાર્યવાહીનું આશ્વાસન આપ્યું છે.

## વિશેષ

### કેટલા સમયથી ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું

# ઈડરના ચિત્રોડામાંથી ૧૧.૩૬ લાખના ગાંજાનો જથ્થો મળી આવ્યો

### પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે

। (એજન્સી) ઈડર,તા.૧૩ ।

ઈડરના ચિત્રોડાના વાડીનાથ મંદિર પાસેના ખેતરમાં બાજરીના પાકની આડમાં ૧૪૭ જેટલા લીલા ગાંજાના છોડ સહિત દોઢ કિલો જેટલો સૂકો ગાંજો ઝડપાયો છે. જાદર પોલીસે બાતમી આધારે રેડ કરતાં પોલીસને ૧૨ લાખ કરતા વધુ ના મુદ્દામાલની દ્રહૃઁજી નો જથ્થો ઝડપી લેવામાં સફળતા મળી છે. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે સાથોસાથ આરોપીઓ ગાંજાને કયા વેચાણ કરતા હતા તેમજ કેટલા સમયથી ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું. સહિતની અલગ અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સાબરકાંઠાના ઈડર તાલુકાના ચિત્રોડા ગામના મંદિર પાસેના ખેતરમાં રહેલો લાખો રૂપિયાનો લીલા ગાંજાના છોડ ઝડપાયા છે. જાદર પોલીસે બાતમી આધારે ચિત્રોડાના વાડીનાથ મંદિર પાસેના બાજરીના ખેતરમાં રેડ કરી હતી રેડ દરમિયાન બાજરીના ખેતરમાંથી પોલીસને ૧૪૭ જેટલા લીલા ગાંજાના છોડ સહિત આરોપીઓ પાસેથી દોઢ કિલો સૂકો ગાંજો ઝડપાયો હતો મહત્વની બાબત છે કે દિન પ્રતિદિન ગુજરાત સરકાર સહિત ગૃહ વિભાગ દ્રહૃઁજી ને લઈ યુવા ધન સહિત નસીલા પદાર્થોના વેચાણ સહિત વાવેતર કરતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે જોકે ઈડરના ચિત્રોડા ગ્રામ્ય પંથકમાં આટલા મોટા પ્રમાણમાં ગાંજાના છોડ મળી આવતા સમગ્ર પંથક સહિત જિલ્લામાં ભાડે ખળભળાટ વ્યાપ્યો છે. "જીટ્ટઅ ર્દ્ર ટ્ટ્રક્ષિજ" અભિયાન અંતર્ગત જાદર પોલીસને મોટી સફળતા મળી છે.

પોલીસે વ્રજ ત્રિપાઠી નામના પૂજારી સહિત સંજય ભરવાડ નામના વ્યક્તિની સામે ફરિયાદ નોંધી બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓ પાસે વિવિધ અલગ અલગ દિશામાં તપાસનો દોર ચલાવી રહી છે સાથોસાથ આરોપીઓ કેટલા સમયથી ગાંજાનું વાવેતર કરતા હતા તેમજ ગાંજાનું વેચાણ કરતા હતા સહિતની દિશામાં પૂછતાજ હાથ ધરાઈ છે.સામાન્ય રીતે આજના યુવાધનને નસીલા પદાર્થોથી દૂર રાખવા માટે વિવિધ પ્રયાસો થકી ગૃહ વિભાગ પણ લાલ આંખ કરી રહી છે જોકે ઈડર તાલુકાના ગ્રામ્ય પંથકમાં બાજરીના પાકની આડમાં કરાયેલું ગાંજાનું મોટું વાવેતર ઝડપાયું છે તો બીજી તરફ બે આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે સાથોસાથ બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલાયા છે. પોલીસે દ્રહૃઁજી એક્ટ ની કલમ ૮(સી), ૨૦(૨)(સી), ૨૯ તેમજ ૫૨(૧) હેઠળ ગુનો નોંધાયો છે. જોકે સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં એક સાથે પોલીસે મોટી માત્રામાં લીલા ગાંજાનો જથ્થો જપ્ત કરતા મોટા ભાગના વિસ્તારમાં ભાડે હડકંપ વ્યાપ્યો છે.

જાદર પોલીસે બાતમી આધારે કરેલી સફળ રેડ બાદ મંદિરના પૂજારી સહિત સંજય ભરવાડ નામના ઈસમને જેલના સળિયા પાછળ ધકેલાયા છે જોકે વર્ષોથી ખેતીની આડમાં ચાલતું નર્સિલા પદાર્થનું વાવેતર કેમ કોઈને ધ્યાને ન આવ્યું તેમજ ગાંજાના વાવેતર સામે અત્યાર સુધીમાં કેટલા યુવાનો સહિત અનેક લોકો નસીલા દ્રવ્યોનો નો ભોગ બન્યા સહિતના વિવિધ પ્રશ્નો પોલીસ સામે પણ ઉદ્ભવી રહ્યા છે જોવાનું એ રહે છે કે આવનાર સમયમાં પોલીસ તંત્ર દ્વારા બંને આરોપીઓ સામે કેવા અને કયા પ્રકારની કાર્યવાહી થાય છે તેમજ આરોપીઓની પૂછતાજમાં કેવા પ્રકારના મોટા ખુલાસો સામે આવે છે.જાદર પોલીસે બાતમી આધારે કરેલી સફળ રેડ બાદ મંદિરના પૂજારી સહિત સંજય ભરવાડ નામના ઈસમને જેલના સળિયા પાછળ ધકેલાયા છે જોકે વર્ષોથી ખેતીની આડમાં ચાલતું નર્સિલા પદાર્થનું વાવેતર કેમ કોઈને ધ્યાને ન આવ્યું તેમજ ગાંજાના વાવેતર સામે અત્યાર સુધીમાં કેટલા યુવાનો સહિત અનેક લોકો નસીલા દ્રવ્યોનો નો ભોગ બન્યા સહિતના વિવિધ પ્રશ્નો પોલીસ સામે પણ ઉદ્ભવી રહ્યા છે જોવાનું એ રહે છે કે આવનાર સમયમાં પોલીસ તંત્ર દ્વારા બંને આરોપીઓ સામે કેવા અને કયા પ્રકારની કાર્યવાહી થાય છે તેમજ આરોપીઓની પૂછતાજમાં કેવા પ્રકારના મોટા ખુલાસો સામે આવે છે.

ઝડપાયેલા આરોપી..

૧) વજ ત્રિપાઠી (વાળીનાથ મંદિર પૂજારી ચિત્રોડા)

૨) સંજય ભરવાડ (વાળીનાથ મંદિર પાસે ખેતી કરનાર)



'કંવરિયાઓ' 'કંવરિયાઓ', ભગવાન શિવના ભક્તો, નવી દિલ્હીમાં 'શ્રાવણ' ના પવિત્ર મહિનામાં વાર્ષિક 'કંવરિયા યાત્રા' દરમિયાન રસ્તા પર ચાલે છે., ભગવાન શિવના ભક્તો, નવી દિલ્હીમાં 'શ્રાવણ' ના પવિત્ર મહિનામાં વાર્ષિક 'કંવરિયા યાત્રા' દરમિયાન રસ્તા પર ચાલે છે.

### અમદાવાદ પ્લેન ક્રેશ મુદ્દે પૂર્વ પાયલટનું નિવેદન

# ભૂલથી ફ્યુઅલ સ્વિચ ઓફ ન થઈ શકે, ટેક્નિકલ ખામી પણ હોઇ શકે

## જો આ સ્વિચ ઓફ થઈ છે તો તેનું કારણ પાયલટની ભૂલ હોઈ શકે છે અથવા તો પછી ટેક્નિકલ ખામી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

૧૨ જૂન ૨૦૨૫ના રોજ અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૭૧ના ક્રેશ થવા અંગેનો પ્રાથમિક રિપોર્ટ શનિવારે(૧૨ જુલાઈ) જાહેર કરાયો છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, વિમાનના બંને એન્જિનને ફ્યુઅલ સપ્લાય આપનારી સ્વિચ ઉડાનના થોડા સેકન્ડ બાદ બંધ થઈ ગઈ હતી. નિવૃત્ત પાયલટ આલોક સિંહે આ રિપોર્ટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, વિમાનના કોકપીટમાં ફ્યુઅલ સ્વિચ એવી હોઈ છે જે ભૂલથી સ્વિચ ઓફ ન થઈ શકે. આ સ્વિચોને સુરક્ષાના કારણોથી સુરક્ષિત કરાઈ છે. જો આ સ્વિચ ઓફ થઈ છે તો તેનું કારણ પાયલટની ભૂલ હોઈ શકે છે અથવા તો પછી ટેક્નિકલ ખામી. પ્રાથમિક રિપોર્ટ અનુસાર, કોકપીટમાં એક પાયલટે બીજા પાયલટને પૂછ્યું હતું કે, તેમણે ઈંધણ સ્વિચ બંધ કરી, જેનો જવાબ મળ્યો કે તેણે આવું નથી કર્યું. તેનાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે સ્વિચ બંધ કરવી તે જાણીજોઈને નહોતું થયું અને આ એક ટેક્નિકલ ખામી હોઈ શકે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, ફ્લાઈટના ટેક-ઓફના તુરંત બાદ બંને એન્જિનનો પાવર બંધ થઈ ગયો હતો. જો કે, પાયલટોએ સ્થિતિને સંભાળતા બંને એન્જિનને ફરીથી સ્ટાર્ટ કરવાના પ્રયાસ કર્યા, પરંતુ માત્ર એક એન્જિનમાં જ પાવર સ્ટાર્ટ થઈ શક્યો. મેડે...મેડે...મેડે...નો કોલ જાહેર કર્યા બાદ વિમાન થોડા જ સેકન્ડમાં અમદાવાદ એરપોર્ટની બહાર એક મેડિકલ કોલેજની હોસ્ટેલથી ટકરાઈ ગયું. દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ લોકોના મોત થયા છે, જ્યારે જમીન પર ૧૯ લોકોના મોત થઈ ગયા છે. આ ઘટના ત્યારે બની જ્યારે કો-પાયલટ વિમાન ઉડાવી રહ્યા હતા અને કેપ્ટન દેખરેખ રાખી રહ્યા હતા. ટેક-ઓફ અને ક્રેશ વચ્ચેનો સમય માત્ર ૩૨ સેકન્ડનો હતો.

## ન્યૂઝ બ્રિફ

### બિહારમાં નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમારના ઘૂસણખોરો પણ બની ગયા હતા મતદારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બિહારમાં મતદાર યાદી સુધારણા (SIR) દરમિયાન ચૂંટણી પંચે ચોંકાવનારા દાવા કર્યા છે. ચૂંટણી પંચના સૂત્રોના દાવા અનુસાર, બિહારમાં SIR દરમિયાન ઘરે-ઘરે જઈને જઈને દસ્તાવેજ ભેગા કરી રહેલા બૂથ લેવલ ઓફિસર (BLO)ને મોટી સંખ્યામાં નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારથી ગેરકાયદે આવેલા લોકો મળ્યા છે. ચૂંટણી પંચના સૂત્રોનું કહેવું છે કે, પહેલી ઓગસ્ટ ૨૦૨૫ બાદ યોગ્ય તપાસ બાદ તેમના નામ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના દિવસે જાહેર થનારી અંતિમ યાદીમાં સામેલ નહીં કરવામાં આવે. આશા છે કે, ૩૦ સપ્ટેમ્બર બાદ ચૂંટણી પંચ આ સંખ્યાના આંકડા પણ જાહેર કરે. બિહારમાં મતદાર યાદીની સમીક્ષા હેઠળ મતાદાર ગણતરી ફોર્મ જમા કરવાનું કામ છેલ્લાં તબક્કામાં પહોંચી ગયું છે. અત્યાર સુધી ૮૦ ટકાથી વધુ મતદારોએ પોતાના વિશે જરૂરી જાણકારી એટલે કે, નામ, સરનામું, જન્મ તારીખ, આધાર નંબર, મતદાર કાર્ડ નંબર સહિતની માહિતી દાખલ કરી ફોર્મ જમા કરાવી દીધા છે. જોકે, આયોગે આ કામ માટેની છેલ્લી તારીખ ૨૫ જુલાઈ નક્કી કરી છે. પરંતુ સમયમર્યાદા પહેલાં જ આ કામ પૂરૂ થઈ જવાની સંભાવના છે. પહેલી ઓગસ્ટે જાહેર થતી મતદારોની ડ્રાફ્ટ યાદીમાં જે લોકોનું નામ નથી. આવતું તેઓ ક્રમશઃ મતદાર રજિસ્ટ્રેશન અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારી અથવા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સમક્ષ અપીલ દાખલ કરી પોતાના પ્રમાણપત્ર સાથે દાવો કરી શકે છે.

### નકલી સાધુઓને પકડવા માટે ઉત્તરાખંડનું ઓપરેશન કાલનેમિ

। (એજન્સી) દેહરાદુન, તા.૧૩ ।

ઉત્તરાખંડમાં શ્રાવણ મહિનામાં કાવડ યાત્રાને શુદ્ધ અને સુરક્ષિત બનાવવાની સાથે નકલી સાધુઓને પકડવા માટે સરકારે ઓપરેશન કાલનેમિ શરૂ કર્યું છે. આ અભિયાન હેઠળ હરિદ્વાર પોલીસ દ્વારા નકલી સાધુઓ, ભિખારીઓ અને ઠગ પર દેખરેખ રાખીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઓપરેશનના પહેલા જ દિવસે ૫૦થી વધુ શંકાસ્પદ શખ્સો પકડાયા છે. જેમાં ૬ જેટલા મુસ્લિમ પણ જોવા મળ્યા છે, જેઓ ભગવો પહેરીને ભિક્ષા માંગતા હતા. હરિદ્વાર પોલીસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ફેસ રિકૉગ્નિશન કેમેરાનો ઉપયોગ કરીને શંકાસ્પદ શખ્સની ઓળખ કરી રહ્યા છે. કમાન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં ૩૫૦થી વધુ કેમેરા દ્વારા સમગ્ર હરિદ્વારમાં દેખરેખ રાખવામાં આવી રહી છે. હર કી પૌડી ખાતે ડ્રોન અને સીસીટીવી કેમેરાની મદદથી દેખરેખ રાખવામાં આવી રહી છે. ગ્રામીણ અને શહેરી વિસ્તાર એમ પોલીસની ૨ ટીમો દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. આ અભિયાન હેઠળે કલિયર પોલીસે ૬ નકલી બાબાઓને ઝડપી પાડ્યા છે. આ બાબાઓ મુસ્લિમ હોવા છતાં ભગવો ધારણ કરીને ભિક્ષા માંગતા હોવાનું સામે આવ્યું છે. જ્યારે કોતવાલી નગરમાં ૧૩, શ્યામપુરમાં ૧૮ અને કનખલમાં ૮ શંકાસ્પદની અટકાયત કરવામાં આવી છે.

### સોનમ રઘુવંશીના પિતાએ દીકરીના લગ્નમાં આપેલા દહેજ અને રોકડ ભેટો પાછા લેવાનો ઇનકાર કર્યો હતો

# પિતાએ ઘરેણાં પાછા લેવાની ના પાડી! સોનમ હનીમૂન કેસમાં નવા ખુલાસાથી પલટાઈ કહાની

। (એજન્સી) ઈન્દોર, તા.૧૩ ।

રાજા રઘુવંશી હત્યા કેસમાં સતત નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે આ કેસમાં સોનમ રઘુવંશીના પિતા પોતે તેમની પુત્રીના સમર્થનમાં ખુલ્લેઆમ બહાર આવ્યા છે. તેમણે કહ્યું છે કે જ્યાં સુધી હું સોનમને મળીશ અને વાત નહીં કરું ત્યાં સુધી હું માની શકતો નથી કે તેનો પતિ રાજાની હત્યા માટે દોષિત છે. તેમણે એમ પણ કહ્યું કે જો સોનમ રઘુવંશી ગુનો કબૂલ કરશે, તો તે તેની સાથેના બધા સંબંધો તોડી નાખશે અને કોઈ કાનૂની સહાય પૂરી પાડશે નહીં. પરંતુ જો આ કોઈ ઊંડા ષડયંત્રનો ભાગ સાબિત થશે, તો તે તેની પુત્રીના સમર્થનમાં ઉભા રહેશે.

અગાઉ, સોનમ રઘુવંશીના પિતાએ દીકરીના લગ્નમાં આપેલા દહેજ અને રોકડ ભેટો પાછા લેવાનો ઈનકાર કર્યો હતો, એમ કહીને કે દીકરીને આપેલું દાન પાછું લેવામાં આવતું નથી. અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે રાજા રઘુવંશીના પરિવારે સોનમના માતાપિતા પાસેથી લગ્નમાં આપેલા ઘરેણાં પરત કરવાની માંગ કરી હતી. સમાજના વરિષ્ઠ લોકો અને સ્થાનિક પોલીસની હાજરીમાં આ ઘરેણાં સોનમના ભાઈ ગોવિંદ રઘુવંશીએ રાજાના મોટા ભાઈ વિપિન રઘુવંશીને સોંપ્યા હતા.

ગોવિંદના જણાવ્યા મુજબ, સોનમ હનીમૂન માટે જતી વખતે આ ઘરેણાં તેના માતાપિતાના ઘરે છોડી ગઈ હતી. તે ફક્ત તેના પતિ દ્વારા પહેરાવેલું મંગળસૂત્ર પોતાની સાથે લઈ ગઈ હતી. ઘરેણાં પરત કરવાની આ પ્રક્રિયા રાજેન્દ્ર નગર પોલીસ સ્ટેશનની દેખરેખ હેઠળ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી, જેમાં બંને પક્ષોએ સહી કરી હતી અને સમાજના પ્રતિનિધિઓએ તેનું નિરીક્ષણ કર્યું હતું. સોનમના પિતાએ દહેજ અને રોકડ ભેટો પાછી લેવાનો ઈનકાર કરીને ભાવનાત્મક પરંતુ મજબૂત સંદેશ આપ્યો હતો. ઈન્દોરના ઉદ્યોગપતિ રાજા રઘુવંશી ૨૦ મેના રોજ તેમની પત્ની સોનમ સાથે હનીમૂન માટે મેઘાલયના શિલોંગ ગયા હતા. ૨૩ મેના રોજ આ દંપતી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયું. ૨ જૂનના રોજ રાજાનો મૃતદેહ મળી આવ્યો ત્યારે ગુમ થયેલા દંપતીનો મામલો હત્યાના કેસમાં ફેરવાઈ ગયો, ત્યારબાદ એવી અટકળો શરૂ થઈ કે સોનમ સાથે પણ કંઈક અઘટિત ઘટના બની હશે. ૮ જૂનના રોજ જ્યારે સોનમ રઘુવંશી યુપીના ગાઝીપુરથી સામે આવી, ત્યારે આખો મામલો બદલાઈ ગયો. શિલોંગ પોલીસના જણાવ્યા અનુસાર, સોનમ, તેના પ્રેમી રાજ કુશવાહા અને અન્ય ત્રણ લોકો સાથે મળીને તેના પતિની હત્યા કરાવી હતી. પ્રારંભિક તપાસ બાદ સોનમ અને તેના સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને શિલોંગ જેલમાં મોકલવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં પોલીસે સોનમની બે વાર રિમાન્ડ પર પૂછપરછ કરી છે.

### પતિ બીજા દિવસે ગટરમાંથી મૃત હાલતમાં મળ્યો

# ગર્ભવતી મહિલા આખી રાત પતિની ઘરની બહાર રાહ જોતી ઉભી રહી

। (એજન્સી) ગુરૂગ્રામ, તા.૧૩ ।

દેશના અનેક વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. પરંતુ આ અનરાધાર વરસાદના કારણે પૂરની સ્થિતિએ તબાહી પણ મચાવી છે. જનજીવન ખોરવાયું છે. તેમાં પણ વહીવટીતંત્રની બેદરકારીના કારણે પ્રજાજનો હાલાકીનો સામનો કરી રહ્યા છે. હાલમાં જ તેનું એક તાજું ઉદાહરણ જોવા મળ્યું છે. ગુરૂગ્રામમાં ભારે વરસાદના કારણે ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ પરિસ્થિતિમાં રસ્તામાં ખુલ્લી ગટરો અને જીવંત વીજ વાયરના કારણે બે પરિવારે પોતાના પ્રિયજનને ગુમાવ્યા છે.

શૈલેન્દ્ર નામના યુવકની ગર્ભવતી પત્ની રાતભર ઘરની બહાર પતિની રાહ જોતી ઉભી હતી. તેણે છેલ્લે રાત્રે ૮.૧૯ વાગ્યે પતિ સાથે વાત કરી હતી.પતિએ કહ્યું હતું કે, તે મુસાફરને ઉતારી ઘરે પરત ફરશે. નવ વાગ્યા સુધીમાં પણ શૈલેન્દ્ર ઘરે ન આવતાં ફરી ફોન કર્યો હતો. પરંતુ તેણે ફોનનો જવાબ આપ્યો નહીં. પત્ની સુમનલતાએ જણાવ્યું કે, તે મોટાભાગે રાત્રે ૧૦ વાગ્યે ઘરે આવી જાય છે. પરંતુ તે રાત્રે આવ્યા નહીં. મેં ૨૦૦ જેટલા ફોન કર્યા પણ તેઓ આવ્યા નહીં. ઘણુ મોડું થઈ જતાં મેં મોડી રાત્રે ત્રણ વાગ્યે અમારા મકાન માલિકને આ અંગે જણાવ્યું. તેમણે પોલીસની મદદ લીધી. બીજા દિવસે સવારે સાત વાગ્યે પોલીસે સેક્ટર ૪૭માં આવેલી ખુલ્લી ગટરમાં શૈલેન્દ્રનો મૃતદેહ મળી આવ્યો હોવાની જાણ કરી. ૨૭ વર્ષીય ઓટો રિક્ષા ડ્રાઈવર શૈલેન્દ્ર વરસાદના કારણે ચારેકોર પાણી ભરાતાં ખુલ્લી ગટરમાં પડી ગયો હતો. શૈલેન્દ્રના ઘરથી થોડા કિલોમીટર દૂર રહેતાં ૨૫ વર્ષીય ગ્રાફિક ડિઝાઈનરનો પણ આ વરસાદે જીવ લીધો હતો.

### વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ

# સરકારી અધિકારીએ પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને અનેક વખત લાફા ઝીંક્યા

। (એજન્સી) ભોપાલ, તા.૧૩ ।


મધ્યપ્રદેશના ભિંડ જિલ્લામાં એક સરકારી અધિકારીએ પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને અનેક વખત લાફા ઝીંક્યા હતાં. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશમાં પરીક્ષા દરમિયાન ભિંડ જિલ્લા મેજિસ્ટ્રેટ અને છજી અધિકારી સંજીવ શ્રીવાસ્તવે ૧ એપ્રિલના રોજ દિનદયાળ ડંગરોલિયા મહાવિદ્યાલયમાં બીએસસી બીજા વર્ષની ગણિતની પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીને ઉપરાછાપરી અનેક લાફા માર્યા હતા. આ લાફો મારવા પાછળનું કારણ એક કાગળ હતું. વીડિયોમાં શ્રીવાસ્તવે વિદ્યાર્થીને બેન્ચ પરથી ઉભો કરી વારંવાર લાફા માર્યા અને પૂછી રહ્યા હતાં કે, તેનું પ્રશ્નપત્ર ક્યાં છે. અન્ય એક વીડિયોમાં તે વિદ્યાર્થીને બીજા રૂમમાં લઈ જતાં જોવા મળ્યા હતાં. જ્યાં ઉપસ્થિત એક વ્યક્તિને વિદ્યાર્થી તરફ ઈશારો કરી અમુક પેપર આપે છે. બાદમાં ફરી વિદ્યાર્થીને પૂછે કે, તારૂ પ્રશ્નપત્ર ક્યાં છે અને વધુ બે લાફા મારી દે છે. વિદ્યાર્થીને આટલા બધા લાફા મારવામાં આવતાં તેના કાન પર અસર થઈ હતી. વીડિયો વાઈરલ થયા બાદ આઈએએસ અધિકારીની આકરી ટીકા થઈ રહી હતી. જેના પર સ્પષ્ટતા આપતાં શ્રીવાસ્તવે જણાવ્યું કે, અમને કોલેજમાં માસ ચીટિંગ થઈ રહી હોવાની બાતમી મળી હતી. અમે જ્યારે કોલેજ પહોંચ્યા તો દરેક વિદ્યાર્થી શાંતિથી પરીક્ષા આપી રહ્યા હતાં. એક માત્ર આ વિદ્યાર્થી પાસે પોતાનું પ્રશ્નપત્ર ન હતું. તેને આકરા વલણ સાથે પૂછવામાં આવતાં તેણે સ્વીકાર્યું હતું કે, તેણે પ્રશ્નપત્ર બહાર મોકલાવ્યું હતું. જેથી તેના જવાબો મળી શકે અને તે ચોરી કરીને પરીક્ષા આપી શકે.

# કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા

## મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ બીજા ક્રમે છે : લખનૌએ ૪૪મા સ્થાનેથી ત્રીજા સ્થાને કૂદકો મારીને સૌને ચોંકાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા છે. આ વખતે ગુજરાતનું અમદાવાદ શહેર દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઉભરી આવ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ બીજા ક્રમે છે. પરંતુ સૌથી ચોંકાવનારો જમ્પ લખનૌએ લગાવ્યો, જેણે ૪૪મા સ્થાનેથી ત્રીજા સ્થાને કૂદકો મારીને સૌને ચોંકાવી દીધા. આ શહેરોને રાષ્ટ્રપતિ ભવન ખાતે ૧૭ જુલાઈએ યોજાનાર સન્માન સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ટોચના શહેરોને પુરસ્કારો આપશે. ખરેખર, ઈન્દોર, સુરત અને નવી મુંબઈ જેવા શહેરો જે સ્વચ્છતા રેક્િંગમાંથી બહાર હતા, તેમણે આ વખતે પણ સ્વચ્છતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. પરંતુ તેમને 'સુપર સ્વચ્છતા લીગ' નામની એક વિશેષ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ શ્રેણી ગયા વર્ષે બનાવવામાં આવી હતી અને સતત ત્રણ વર્ષથી ટોપ-૩માં રહેલા શહેરોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે. પહેલા આ સમયગાળો બે વર્ષનો હતો જે હવે વધારીને ત્રણ વર્ષ કરવામાં આવ્યો છે. સતત સાત વખત દેશનું સૌથી સ્વચ્છ શહેર રહેલું મધ્યપ્રદેશનું ઈન્દોર હવે આ ખાસ લીગમાં છે અને સામાન્ય રેક્િંગમાં તેની ગણતરી કરવામાં આવતી નથી. આ સુપર લીગનો ઉદ્દેશ્ય ટોચ પર રહેલા શહેરોને એક અલગ શ્રેણીમાં મૂકીને બાકીના શહેરોને વધુ સારી રીતે સ્પર્ધા કરવાની તક આપવાનો છે. આ વખતે આ શ્રેણીમાં કુલ ૧૫ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે તેમનું રેક્િંગ બહાર પાડવામાં આવ્યું નથી, તેમ છતાં તેમનું મૂલ્યાંકન બાકીના શહેરોની જેમ ૧૨,૫૦૦ પોઈન્ટના આધારે સ્વચ્છતાના વિવિધ પરિમાણો પર કરવામાં આવે છે. દર વર્ષની જેમ, આ વખતે પણ શહેરોનું વસ્તીના આધારે વિવિધ શ્રેણીઓમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. ૫૦ હજારથી વધુ અને ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે ખાસ શ્રેણીઓ બનાવવામાં આવી છે. ટોચના શહેરોના સતત સારા પ્રદર્શનને કારણે, અન્ય શહેરોને ટોચ પર આવવાની તક મળી રહી ન હતી.



જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લાના ખુદવાની ખાતે અનેક વાહનો વચ્ચે થયેલી ટક્કર બાદ ક્ષતિગ્રસ્ત બસ પાસે સુરક્ષા કર્મચારીઓ ઉભા છે. વાર્ષિક 'અમરનાથ યાત્રા' માટે જઈ રહેલા ઘણા યાત્રાળુઓ ઘાયલ થયા છે.

### એક જ રાતમાં ૬૦૦ ડ્રોનથી તબાહી મચાવી

# રશિયા દ્વારા કરાયેલા સૌથી મોટા હુમલાથી યુક્રેન ધણધણી ઉઠ્યું

। ક્વિ, તા.૧૩ ।

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયાએ ગઈકાલે શુક્રવારે રાત્રે યુક્રેન પર ૫૯૭ ડ્રોન અને ૨૬ મિસાઈલ છોડી હુમલો કર્યો. આ હુમલો અત્યાર સુધીમાં રશિયાનો સૌથી મોટો હુમલો છે. ઝેલેન્સ્કી મુજબ, ડ્રોન હુમલામાં મોટાભાગે ઈરાનમાં બનાવેલા શાહેદ ડ્રોન હતા. ઝેલેન્સ્કીએ દુનિયાને અપીલ કરી કે, આવા હુમલાઓને રોકવા માટે રશિયા પર કડક નિયંત્રણો લાદવામાં આવે. યુક્રેની વાયુસેનાએ જણાવ્યું કે, અમે ૩૧૯ ડ્રોન અને ૨૫ મિસાઈલોનો ખાતમો કર્યો છે. પરંતુ આશરે ૨૦ ડ્રોન અને એક મિસાઈલ પાંચ જગ્યાએ પડતાં નુકસાન થયું છે. જોકે, વાયુસેના એ જણાવ્યું નથી કે આ પાંચેય જગ્યાએ કઈ છે.

ઝેલેન્સ્કીએ પશ્ચિમી દેશોથી અપીલ કરી છે કે, હવે ફક્ત ચેતવણી ન આપે અને રશિયાને રોકવા માટે તાત્કાલિક અને કડક નિર્ણય લેવામાં આવે. જો સમય રહેતા રશિયા પર પ્રતિબંધ મુકવામાં આવે તો આ પ્રકારના હવાઈ હુમલાઓ રોકવા સંભવ છે. ઝેલેન્સ્કીએ માગ કરી છે કે, રશિયાને ડ્રોન બનાવવામાં મદદ કરનારા અને તેમના ઓઈલ વેચીને નફો અપાવી રહેલા દેશો કે લોકોને સજા કરવામાં આવે.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઈને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઈ ગઈ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઈ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઈ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઈ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઈ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજ્યપાલે કોઈ વાત ખોટી કરી નથી. પરંતુ કોઈને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઈએ.

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઈને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઈને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઈને કોઈ જગ્યાએ આ બાબતને લઈને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઈને ચિંતિત છે. વ્યવસ્થાને કોઈ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઈ જાય છે. હિંસાને લઈને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઈને કોઈ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઈને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઈ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઈ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઈ ગઈ હોત તો તે આ રીતે એકાએક ફેલાઈ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઈ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઈને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઈને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે.

**આજે તો હવે કાળ બદલાઈ ગયો છે, અને એ રીતે ઈશ્વર પ્રસન્ન થઈને વરદાન આપતો નથી. નહીં તો કેટલાય આજે પણ સમર્થ બનવાની લાઈનમાં ઊભા હોય.**

# ભક્તની પહેલી લાયકાત તે નમ્ર અને આંતરિક વિકાર મુક્ત, અને સદ્ગુણોથી ભરેલો હોવો જોઈએ.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૌથી સારો ભક્ત તો ભગવાનના ચરણોમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારો હોય છે. શરણાગત ભક્તજ ભગવાનના ભેદ અને રહસ્યને જાણી શકે છે, અને ભક્તિનો ખરો આનંદ મેળવી શકે છે. તે સુખ, સંતોષ, પ્રસન્નતા, શાંતિ, અને આનંદ એમ સચ્ચિદાનંદ સ્વરૂપે ઈશ્વરને પોતાનામાં જ અનુભવે છે, અને એ જ રીતે તે અન્યમાં પણ એ જ ઈશ્વરની ઝાંખી કરી.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ હોળીનો તહેવાર ગયો, અને આપણે ત્યાં ભક્ત પ્રહલાદની ભક્તિ કે સત્યના વિજય રૂપે હોળીનો તહેવાર મનાવવામાં આવે છે, તો ભક્તનું ચરિત્ર કેવું હોવું જોઈએ અને ભક્તિનો જ સંદર્ભ હોય તો દેશ ભક્તિ એવો શબ્દ પણ આપણે બોલતા હોઈએ છીએ, એટલે દરેક નાગરિકમાં દેશભક્તિ હોવી જોઈએ. સામાન્ય રીતે આપણે દેશ પર અનુશાસન કરનાર સરકારનો દોષ કાઢતા હોઈએ છીએ, પરંતુ નાગરિક તરીકેની આપણી ફરજ પણ આપણે પૂરી કરવી જોઈએ, એવું આપણે બહુ વિચારતા નથી. તો આજે આ બે સંદર્ભ લઈને આપણે ભક્તનું ચરિત્ર અને નાગરિકનું ચરિત્ર એ વિશે વાત કરીશું. એટલે કે ભક્તિ કરતાં પહેલાં ભક્તની શું લાયકાત હોય છે? ભક્ત કેવો હોવો જોઈએ? અને દેશભક્તિ સંદર્ભમાં નાગરિક કેવો હોવો જોઈએ?

કોઈપણ પ્રકારની ભક્તિ કરનારને ભક્ત કહેવામાં આવે છે. બહુ સ્વાભાવિક રીતે જ ભક્ત ઈશ્વરનો આભાર માનવા ભક્તિ કરતો હોય, અથવા તો દુઃખ કે સમસ્યાનાં નિવારણ કરવા માટે ભક્તિ કરતો હોય છે. પછી આ ક્રિયા તેનામાં ભગવાનના અસ્તિત્વ વિશેનો લગાવ વધારે છે, અને તે તેને જોવા, જાણવાં, અને માણવા માટે નિરંતર આ ક્રિયામાં ડૂબી જાય છે. પરંતુ આપણે જાણીએ છીએ, કે દરેકની ભક્તિ ફળતી નથી, કારણ કે ભક્તની પણ અમુક લાયકાત હોવી જોઈએ, જે દરેકમાં હોતી નથી.

સર્વ પ્રથમ તો ભક્ત નમ્ર હોવો જોઈએ, અને ભગવાન પાસે પોતાની તમામ કરણી ખુલ્લી મુકી દેનાર હોવો જોઈએ. એટલે કે આપણે આપણી ભીતર સારું ખરાબ બધું ભરેલું હોય, એનો એકરાર ઈશ્વર પાસે કરી લેવો પડે. ઈશ્વર તો ત્રિકાળ જ્ઞાની છે, અંતરયામી છે, એ તો આપણા બધા જ સારા ખોટા કર્મોને જાણતો જ હોય છે, પરંતુ આપણે કહી દેવાથી ભારમુક્ત થઈ જઈએ છીએ. હૃદયનો મેલ નીકળી જવાથી જ ત્યાં આગળ અન્ય સારાં ભાવ પ્રસ્થાપિત કરી શકાય છે. માટલામાં ખરાબ પાણી હોય તો એ કાઢ્યા વગર એમાં સારું નખાય નહીં, નહીં તો સારું પણ ખરાબ થઈ જાય.

ભગવાન પાસે જનાર ભક્તની બીજી લાયકાત એ છે કે તે પોતાની માટે જે કંઈ માગવું હોય તે માંગી શકે, પણ બીજાનું અહિત ક્યારે ય માંગે નહીં, એવો હોવો જોઈએ. નહીં તો ખાડો ખોદે એ જ પડે, એ સૂત્ર અહીં સૌથી વધુ લાગુ પડે છે. એટલે કે ઈર્ષા, નિંદા, દ્વેષ ના ભાવ ખતમ થવા જોઈએ, અને ન થતા હોય તો ઈશ્વરને પોતાના આ ભાવ પણ જણાવવા જોઈએ કે આ ભાવ ઓછાં કરો કે દૂર કરો.આ ઉપરાંત ઈન્દ્રિય પર થોડો ઘણો સંયમ કેળવાયેલો હોવો જોઈએ.

સૌથી સારો ભક્ત તો ભગવાનના ચરણોમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરનારો હોય છે. શરણાગત ભક્તજ ભગવાનના ભેદ અને રહસ્યને જાણી શકે છે, અને ભક્તિનો ખરો આનંદ મેળવી શકે છે. તે સુખ, સંતોષ, પ્રસન્નતા, શાંતિ, અને આનંદ એમ સચ્ચિદાનંદ સ્વરૂપે ઈશ્વરને પોતાનામાં જ અનુભવે છે, અને એ જ રીતે તે અન્યમાં પણ એ જ ઈશ્વરની ઝાંખી કરી, તેની સાથે પ્રેમ અને આદરપૂર્વકનો સંબંધ બાંધે છે.

આમ ભક્તમાં નમ્રતા આવે છે, ઈર્ષા નિંદા દ્વેષ ના ભાવ ઘટતાં ચરિત્રનું નિર્માણ પણ થાય છે, અને ઉદારતા, સાહસિકતા, માનવતા, સહિષ્ણુતા, ક્ષમા, જેવા ગુણોનો વધારો થાય છે, ઘણા કેટલીય કલા પણ મેળવે છે,અને એ રીતે તે શ્રેષ્ઠ તરફ ગતિ કરે છે.

પરંતુ અમુક લોકો એવા હોય છે કે જે, શ્રેષ્ઠ બનવા માટે ભગવાન પાસે જતા નથી. પરંતુ સમર્થ બનવા માટે ઈશ્વરની ભક્તિ કરતાં હોય છે. જેમ કે પુરાણોમાં આપણે જોઈએ, તો દેવ દાનવ, ઈશ્વરને તપ અને આરાધનાથી પ્રસન્ન કરી, અને વરદાન માગતા હોય છે. હિરણ્યકશિપુથી શરૂ કરી કુંભકર્ણ, રાવણ, મેઘનાદ જેવા કેટલાય રાક્ષસોએ સમર્થ બનવાની કે અમર બનવાની કોશિશ કરતાં વરદાનો માંગ્યા હતાં.

આજે તો હવે કાળ બદલાઈ ગયો છે, અને એ રીતે ઈશ્વર પ્રસન્ન થઈને વરદાન આપતો નથી. નહીં તો કેટલાય આજે પણ સમર્થ બનવાની લાઈનમાં ઊભા હોય. પરંતુ આપણને વિચાર આવે કે, લોકો સમર્થ બનવાની જીદ કે આગ્રહ શું કામ કરતા હોય છે?ઘણીવાર લોકો પોતાની નજર સામે અન્યને સારું જીવન જીવતા જોવે, અને પોતાની પાસે એમાંનું એક પણ સાધન ન હોય, ત્યારે અભાવાથી પીડાઈને વિદ્રોહી બની તે સમર્થ બનવાની જીદે ચડે છે. આપણે હિન્દી ફિલ્મમાં ઘણીવાર જોયું હોય છે કે, એ સમયે તે સાચા ખોટા કે સારા ખરાબનો ભેદ ભૂલી, અને ગમે તેવું અનીતિનું કાર્ય કરી અને રૂપિયા કમાય છે, જેની માટે આજકાલ ડોન શબ્દ વપરાય છે. આવા ડોન, પોતાની તાકાતથી લૂંટફાટ અને હિંસા કરી સમાજમાં ત્રાહિમામ પોકારાવે છે

એટલે માનવીની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાવી બહુ જરૂરી છે, કારણ કે માનવીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા, તો અમુક ઘટકોની જરૂર પડે જ છે. પરંતુ પોતાના પરિવારનું પોષણ કરવાં, અને પોતાનું તેમજ પોતાનાનું રક્ષણ કરવાં પણ શક્તિની જરૂર હોય છે. આ ઉપરાંત ક્રિયા કે કર્મ કરવા માટે પણ તેને શક્તિની જરૂર હોય છે, એટલે તે શક્તિ ગ્રહણ કરવા પર વધુ મહત્વ મુકે છે. પરંતુ આજે સૌમાં સૌથી વધુ કોણ શ્રેષ્ઠ એની સ્પર્ધા લાગી હોય, તેમ બધા શ્રેષ્ઠ બનવા માટે હોડ લગાવી છે. કદાચ એ પણ સમજાય, પરંતુ એથી વધુ ખતરનાક આજે બધા સમર્થ એટલે કે ડોન બનવા માટે જે હોડ છે એ ખોટું છે, કારણકે સમર્થ હોવાનો ભાવ સરમુખત્યાર બનાવે છે, અને જે સૌથી ખતરનાક છે. આજે ઠેર ઠેર આવા સમર્થ બની બેઠેલાં, પોતાનું સામ્રાજ્ય બનાવી બેઠા છે,અને એમાં તે સરમુખત્યાર બની બીજા પર અત્યાચાર કરે છે. એટલે કહેવાની રીતે આપણે કદાચ ત્રેતા કે દ્વાપરમાં નથી, કે જ્યાં રાક્ષસો હતાં. પરંતુ માનવના રૂપમાં આજે પણ દાનવ કે રાક્ષસો જોવા મળે છે, જેને શેતાન પણ કહી શકાય.

ભગવાનની ભક્તિ કરનારને જેમ ભક્ત કહેવાય, એ જ રીતે જે દેશમાં રહેતા હોઈએ, એ દેશના આપણે નાગરિક કહેવાયીએ છીએ. અને જેમ દેશ પાસેથી આપણે અમુક અપેક્ષાઓ રાખતા હોઈએ છીએ, એ જ રીતે દેશ પણ પોતાના નાગરિક પાસેથી અમુક અપેક્ષા રાખે છે. એમાં સૌથી મોટી અપેક્ષા કે,દરેક નાગરિકની ફરજ છે કે, તે પોતાના દેશમાં સુખ શાંતિનું સામ્રાજ્ય બની રહે, એ માટેના પ્રયત્ન કરે. આ ઉપરાંત પ્રાથમિક શાળા નાં સંવિધાન ને યાદ કરી દરેક દેશવાસી મારા ભાઈ બહેન છે, તો આપણાંથી થાય એટલી અન્યને મદદ કરવી, અને રાય રંકના ભેદ ઓછાં રાખવા. આજે દેશમાં સુખ શાંતિ નથી,અને એનું કારણ આવા સમર્થ છે, માટે આવા સમર્થ બની બેઠેલાં શેતાનોનો મુકાબલો કરે, એનો વિરોધ કરે. પરંતુ આપણને એમ થાય કે આપણે એવું કઈ રીતે કરી શકીએ! એકતામાં બહુ મોટી તાકાત હોય છે, એટલે પહેલા તો બધા આ વાત પર એક થઈએ,અને આવાં કોઈ લાયકાત વગરના સમર્થ બની બેઠેલા આપણાં શાસક ન બની જાય, એ માટે જાગૃત રહીએ. ભારત એક લોકતાંત્રિક ગણરાજ્ય છે, અને આપણાં મત વગર અહીં આપણી પર કોઈ રાજ કરી શકે નહીં,એ વાત યાદ રાખી, આપણે જો સમર્થ સરમુખત્યાર નહીં પણ શ્રેષ્ઠનો ચુનાવ કરીશું, તો જ દેશમાં સુખ શાંતિનું સામ્રાજ્ય સ્થાપશે. હા અહીં એક વાત સ્પષ્ટ કરવા માગું છું, કે ચિંતન પક્ષાપક્ષીની ગળાકાપ હરીફાઈથી ઉપર છે, એટલે અહીં કોઈ સ્પષ્ટ પક્ષની વાત કરવામાં નથી આવી, પરંતુ આપણે શ્રેષ્ઠનાં પક્ષે રહેવું, માત્ર એટલો જ નિર્દેશ કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશના નાગરિક હોવાની ફરજ બજાવી શકીએ, અને દેશમાં વધુને વધુ સુખ શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે. સંન્યાસની ક્રિયામાં વિરજા હોમ કરવો પડે છે. દેવ, બ્રાહ્મણ, સૂર્ય, અગ્નિ આ બધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે.**

# સંસારના વિષયો સુખ આપે છે, પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છે તે તેમને દુઃખ પણ આપશે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શંકર સ્વામીએ એક જગ્યાએ આ ઇન્દ્રિયોને ચોર કહી છે. ઇન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે.ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી. ત્યારે ઇન્દ્રિયો તો પોતાના પતિ આત્માને જ છેતરે છે.**

સંસારના સુખ સમૃદ્ધિ વૈભવ છોડીને સંન્યાસી જીવન માનવી એટલા માટે સ્વીકારે છે કે તે આનંદથી રહી બીજાને આનંદમાં કેમ રહેવું તેનો ઉપદેશ આપે છે.આજે સંસાર ત્યાગ કરનારને વૈભવી જીવનશૈલી જીવવી છે એ બીજાને આનંદમાં રહેવાનો શું ઉપદેશ આપી શકે???

સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે.સંન્યાસની ક્રિયામાં વિરજા હોમ કરવો પડે છે. દેવ, બ્રાહ્મણ, સૂર્ય,અગ્નિ આ બધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે. પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિનારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમઋષિને ભાગવતી મુક્તિ મળી.હવે કપિલગીતાનો આરંભ થાય છે. આ અતિ દિવ્ય પ્રસંગ છે. દીકરો ઉપદેશ આપે છે. આગવતનું આ અગત્યનું પ્રકરણ છે.તેના નવ અધ્યાય છે. કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાય થી છે.તેમાં સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ છે. ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંત નું જ્ઞાન કહ્યું છે. ચારબાદ ભક્તિનું વર્ણન કરેલું છે.તે પછી સંસારચક્ર નું વર્ણન આવે છે.દેવહુતિના મન માં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી. તેવે વખતે તેને યાદ આવે છે કે, ઋષિઓએ કહેલું કે, આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં. કહે, આપ આજ્ઞા કરોતો પ્રશ્ન પૂછવાનીઈચ્છા છે.માતા દેવહુતિ કપિલદેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં,પણ ગુરુબુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધારના ઉપાય ના પ્રશ્નો પૂછે છે. કપિલ કહે છે, મા, સંકોચ ન રાખો તમારે જે પૂછવું હોય તે પૂછો. મા દેવહુતિએ આરંભમાં શરણા ગતિ લીધી છે.ઈશ્વરની શરણાગતિ લીધા સિવાય જવનો ઉદ્ધાર થતો નથી. ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે, હું તમારો શિષ્ય છું. તમે કહેશો તે કરીશ.દેવકૃતિએ પ્રશ્ન કર્યો, જગતમાં સાચ સુખ કયાં છે? સાચો આનંદ ક્યાં છે?જે આનંદ નો વિનાશ ન થાય તેવો નિત્ય- આનંદ મને બતાવો! ઈન્દ્રિયોના લાડ ઘણા કર્યા, પણ મનને શાંતિ નથી. સમય જાય એટલે ખબર પડે છે કે વિષયોના આનંદમાં સાર નથી. ઈન્દ્રિયો માગે તે વિષયો ઈન્દ્રિયોને આપ્યા છતાં તૃપ્તિ થતી નથી અને ઈન્દ્રિયો રોજ નવા નવા વિષયો માગે છે. જીવ રસસુખ તરફ ખેંચે છે. આંખ રૂપના સુખ તરફ ખેંચે છે.ત્વચા સ્પર્શના સુખ તરફ ખેંચે છે. જીભ કહે છે કે,બે મહિનાથી મેં ઢોકળા ખાધાં નથી.અરે પણ આજ સુધી માં તેં કેટલી વખત ખાધાં તે યાદ કરને!ઢોકળાં ખવડાવી જીભને રાજી કરી,તો આંખો કહે, મે બે માસથી ફિલ્મ જોઈ નથી.પૈસા ખર્ચીને અંધારામાં બેસે એ સુધર્યા કહેવાય કે બગડ્યા? કેટલાક કહે છે, અમે તો ધાર્મિક ફિલ્મ જોઈએ છીએ.ધાર્મિકચિત્રો પણ ન જોવાય કારણ કે રામનો પાઠ ભજવનાર ક્યાં રામ હોય છે? રામનો પાઠ ભજવનાર પરસ્ત્રીને કામ ભાવથી જોતો હોય તો તેની ફિલ્મમાં શું જોવું? રામ જેવો કોઈ રામનો પાઠ ભજવે તો અસર થાય. નરસિંહ મહેતાની ફિલ્મ જોઈને જે ફિલ્મ નહોતા જોતા એવા ભક્તો ફિલ્મ જોતા થયા. પણ ફિલ્મો જોનારો કોઈ નરસિંહ મહેતો થયો હોય તો દેખાડો!તમે કહેશો કે,હું કડક બોલું છું પણ હું જે જોઉં છું તે કહું છું. વિલાસનાં ચિત્રો જોવાથી જીવન બહુ બગડે છે.

શંકર સ્વામીએ એક જગ્યાએ આ ઈન્દ્રિયોને ચોર કહી છે. ઈન્દ્રિયો ચોર કરતાં પણ બૂરી છે.ચોર જેના આધારે હોય ત્યાં ચોરી કરતો નથી ચોર જેના ઘરમાં રહેતો હોય તેને ત્યાં ચોરી કરતો નથી.ત્યારે ઈન્દ્રિયો તો પોતાના પતિ આત્માને જ છેતરે છે.

તેને ત્યાંથી ચોરી કરે છે! આથી દેવહુતિ પુત્રને કહે છે કે, આ ચોરરૂપી ઈન્દ્રિયોથી હવે મને કંટાળો આવ્યો છે. જગતમાં સાચું સુખ સાચો આનંદ ક્યાં છે તે મને બતાવો અને તે આનંદ મેળવવાનું સાધન શું છે તે બતાવો.

કપિલ ભગવાનને આનંદ થયો. તે બોલ્યા, મા, આનંદ એ તો આત્મા નું સ્વરૂપ છે. અજ્ઞાનથી જીવ જડ વસ્તુમાં આનંદ શોધે છે.પણ આનંદ જડ વસ્તુમાં રહી શકે નહીં સંસારના વિષયો સુખ આપે છે, પણ આનંદ આપતા નથી અને જે સુખ આપે છે તે તેમને દુઃખ પણ આપશે. પરંતુ ભગવાન તમને હંમેશાં આનંદ આપશે. આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. સંસારનું સુખ દરાજને ખંજ વાળવા જેવું છે.દરાજને ખંજવાળો ત્યારે સુખ જેવું લાગે છે,પણ ખંજવાળથી નખના ઝેરથી દરાજ વધે છે. ઉત્તમમાં ઉત્તમ મીઠાઈ ગળા સુધી હોય ત્યાં સુધી સ્વાદવાળી લાગે છે.જગતના પદાર્થોમાં આનંદ નથી, આનંદનો ભાસ માત્ર છે.આ જગત દુઃખરૂપ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે, ક્ષણભંગુર અને સુખરહિત એવા આ જગતને અથવા મનુષ્ય શરીરને પ્રાપ્ત કરીને તું મારું જ ભજન કર. વિષયો અને ઈન્દ્રિયોને લગતું સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે, પણ અંતે તે વિષમય પરિણામ થાય છે. ઈન્દ્રિયોથી સુખની તૃપ્તિ થતી નથી. ઈન્દ્રિયો વિવેકરૂપી ધનનું હરણ કર્યા પછી જીવને સંસારરૂપી ખાડામાં નાંખે છે. બહારના વિષયો માં આનંદ નથી, સુખ નથી. ખરો આનંદ બહાર નથી, અંદર જ છે- આત્મામાં છે.આનંદ એ અવિનાશી અંતર્યામીનું સ્વરૂપ છે. એની એક નક્કર સાબિતી એ કે જો શરીરમાં આનંદ હોય તો તેમાંથી પ્રાણ નીકળી ગયા પછી લોકો તેને સાચવી રાખતા કેમ નથી? જડ પદાર્થમાં આનંદનો ભાસ થાય છે તે ચૈતન્ય સ્પર્શથી થાય છે.બે શરીરના સ્પર્શથી સુખ મળતું નથી. પણ પ્રાણ એક થાય છે એટલે આનંદ જેવું લાગે છે. પ્રાણ ભેગા થાય તો સુખ થાય છે, ત્યારે અનેક પ્રાણો જેમાં મળ્યા છે તે પરમાત્મા ને મળવાથી કેટલો આનંદ થાય!

બહારના વિષયોમાં આનંદ નથી, પરંતુ ચિત્તમાં-મનમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદ જેવું લાગે છે.ઇન્દ્રિયોને મનગમતોપદાર્થ મળે એટલે ઇન્દ્રિયો વિષયમાં તદ્રુપ થાય છે, એટલે મન થોડીવાર એકાગ્ર થાય પરિણામે ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ પડે છે તેથી આનંદનો ભાસ થાય છે. આનંદ એ આત્માનું સહજ સ્વરૂપ છે. શીતળતા એ જળનું સહજ સ્વરૂપ થાય છે તેમ. મા, આત્મા તો નિત્ય શુદ્ધ છે. આનંદ સ્વરૂપ છે. સુખ-દુઃખ એ મનના ધર્મો છે. મન નિર્વિષય એટલે આનંદ મળે છે.દશ્યમાંથી દષ્ટિને હટાવીદષ્ટામાં દષ્ટિને સ્થિર કરે તો આનંદ મળે. મા,જો વિષયોમાં આનંદ હોય તો સર્વને સર્વકાળે એકસરખો આનંદ આપે. તૃપ્ત થયેલા માણસ પાસે શિખંડ મૂકો તો તેને નહીં ભાવે. માંદા માણસ પાસે માલપૂડા મૂકો તો તેને નહીં ભાવે. એટલે આનંદ શિખંડ,માલપૂડા એટલેકે વિષયોમાં નથી, જડ પદાર્થોમાં નથી. શિખંડમાં આનંદ હોય તો જેને તાવ આવ્યો હોય તેને પણ શિખંડ ખાવાથી આનંદ મળવો જોઈએ, પણ તેને આનંદ મળતો નથી. એટલે શિખંડમાં આનંદ નથી, તે પ્રમાણે બધા વિષયોનું સમજવાનું છે. સંસારના પદાર્થોમાં આનંદ નથી, પણ ઇન્દ્રિયોને મનગમતા વિષય મળે એટલે ઇન્દ્રિય બહારથી અંત મુખ થાય છે. અંતર્મુખ થયેલા મન માં ઈશ્વરનું પ્રતિબિંબ પડે છે એટલે આનંદ થાય છે. મન અંદર આવે છે એટલે આનંદ મળે છે તે મન બહાર જાય છે એટલે આનંદ ઊડી જાય છે.

# ફ્રિજમાં આ પાન મુકી દો, વાસ નહીં આવે અને બેક્ટેરિયા છૂ થઇ જશે



ફ્રિજમાં વાસ આવે ત્યારે બેક્ટેરિયા પેદા થાય છે. આમ, ફ્રિજમાંથી આવતી વાસ અને બેક્ટેરિયા દૂર કરવા આ પાન અસરકારક છે. આ પાન તમે ફ્રિજમાં મુકી દેશો તો વાસ નહીં આવે અને બેક્ટેરિયા છૂ થઈ જશે. સામાન્ય રીતે ફ્રિજમાંથી વાસ આવતી હોય છે. અનેક લોકો મહિના સુધી ફ્રિજની સાફ-સફાઈ કરતા નથી જેના કારણે વાસ આવવા લાગે છે અને બેક્ટેરિયા થઈ જાય છે. ફ્રિજમાંથી ઘણી વાર સતત વાસ આવતી હોય છે. ફ્રિજમાં સામાન વધારે રાખવાને કારણે ઘણી વાર શાક સડી જાય છે. આ સાથે કોઈ ખાવાની વસ્તુ મુકવાને કારણે પણ વાસ આવતી હોય છે. આ વાસને દૂર કરવી ખૂબ જરૂરી છે. દાદી-નાનીના સમયથી વાપરવામાં આવતા તમાલપત્ર અનેક રીતે ગુણકારી છે. તમાલપત્રનો ઉપયોગ બેક્ટેરિયા ભગાડવા માટે કરવામાં આવે છે. તો જાણો આ માટે ફ્રિજમાં શું મુકશો. તમાલપત્ર હેલ્થ માટે જે રીતે ઉપયોગી છે એમ ઘરના બીજા અનેક કામમાં પણ આવે છે. હર્બલ ઔષધિમાં તમાલપત્રનો ઉપયોગ કરવામાં આવે છે. તમાલપત્રનો અર્ક તેમજ ચા બનાવીને તમે પીઓ છો તો પેટને લગતી અનેક સમસ્યાઓને દૂર કરી શકો છો. તમાલપત્રની સુગંધ તમારા ઘરના માહોલને ખુશબુદાર બનાવે છે. તમે તમાલપત્રના પાનને ફ્રિજમાં મુકો છો તો અનેક ઘણાં ફાયદાઓ મળે છે.(નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) ફ્રિજમાં તમાલપત્ર રાખવાથી ગંધ, કીટાણુંઓને દૂર કરી શકો છો. ખાવા-પીવાની વસ્તુઓમાં ખાસ કરીને પનીર, ચીઝ તેમજ કોઈ ખાદ્ય પદાર્થોમાંથી આવતી સ્મેલને તમે દૂર કરી શકો છો. ઘણી વાર લાંબા સમય સુધી આ વસ્તુઓ તમે ફ્રિજમાં રાખો છો તો એમાંથી સ્મેલ આવવા લાગે છે અને બેક્ટેરિયા પેદા થાય છે. આ માટે તમે ફ્રિજમાં બે તમાલપત્ર મુકી દો. ફ્રિજમાં તમાલપત્ર મુકવાથી વાસ નહીં આવે અને બેક્ટેરિયા ફ્રી રહેશે. તમાલપત્ર ફ્રિજમાં રાખવાથી વાસ નહીં આવે. બે તમાલપત્ર તમે ફ્રિજમાં મુકો છો તો સ્મેલ ફ્રી રહે છે. આ માટે તમે તમાલપત્ર લો અને એમાં ચપટી બેકિંગ સોડા મુકી દો.

# અગાઉથી જ બનાવીને સ્ટોર કરી દો આ ચટપટો જલજીરા મસાલો

જલજીરા પાઉડરને સ્ટોર કરવા માટે એરટાઈટ કન્ટેનર અથવા ટાઈટ ફિટિંગ ઢાંકણાવાળા મસાલા જારનો ઉપયોગ કરો. ઘણા લોકોને સાદુ પાણી વધારે પીવું પસંદ નથી હોતું. તેથી તેઓ લીંબુ પાણી કે જલજીરા પીવે છે. તે તરસ શાંત કરવાની સાથે આપણા પાચનતંત્ર માટે પણ ખૂબ લાભદાયી છે. તમે ઘરે પણ જલજીરા પાઉડર બનાવીને સ્ટોર કરી શકો છો. તો ચાલો જાણીએ તેમાં વપરાતી સામગ્રી અને બનાવવાની રીત. ઉનાળામાં વધારે ગરમીના કારણે મોટાભાગે વધારે પાણી અને લિક્વિડ લેવાની સલાહ આપવામાં આવે છે. જેથી સન એક્સોઝરમાં રહેવાથી ડિહાઈડ્રેશનનો શિકાર ન બનીએ. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) ઘણા લોકોને સાદુ પાણી વધારે પીવું પસંદ નથી હોતું. તેથી તેઓ લીંબુ પાણી કે જલજીરા પીવે છે. તે તરસ શાંત કરવાની સાથે આપણા પાચનતંત્ર માટે પણ ખૂબ લાભદાયી છે. તમે ઘરે પણ જલજીરા પાઉડર બનાવીને સ્ટોર કરી શકો છો.



તો ચાલો જાણીએ તેમાં વપરાતી સામગ્રી અને બનાવવાની રીત.એક પેનને મીડિયમ ફ્લેમ પર ગરમ કરીને તેમાં જીરું, આખા ધાણા, મરી અને કાળી એલચીને ૩-૪ મિનિટ ડ્રાય રોસ્ટ કરી લો. મસાલાની સુગંધ આવવા લાગે એટલે ગેસ બંધ કરી દો. આ મસાલા ઠંડા થયા બાદ તેને મિક્સરમાં પીસી લો અને ત્યાર બાદ ગ્રાઈન્ડરમાં બ્લેક સોલ્ટ, આમચૂર પાઉડર, ફુદિનાના પાંદ, આદુનો પાઉડર અને હીંગ સહિત તમામ સામગ્રી નાંખીને થોડું પીસી લો. હવે મસાલાને ચાળી લો. તૈયાર છે તમારો જલજીરા પાઉડર. તમે તેને એરટાઈટ કન્ટેનરમાં સ્ટોર કરી શકો છો. જલજીરા પાઉડરને સ્ટોર કરવા માટે એરટાઈટ કન્ટેનર અથવા ટાઈટ ફિટિંગ ઢાંકણાવાળા મસાલા જારનો ઉપયોગ કરો. તે હવા અને ભેજને અંદર પ્રવેશતા અટકાવે છે. મસાલાને સીધા સૂર્યપ્રકાશ અને હીટ સોર્સથી દૂર ઠંડી અને સૂક્ષ્ક જગ્યાએ રાખો. ગરમીના સંપર્કમાં આવવાથી પાઉડર ઝડપથી બગડવા લાગે છે, જેથી તેના સ્વાદ અને સુગંધ ખરાબ થઈ શકે છે. ભેજના લીધે મસાલા ઝડપથી બગડે છે. તેનાથી મસાલામાં ગઠ્ઠા પડી શકે છે અને તે ચોંટી જાય છે. તેથી કન્ટેનરમાં મસાલો નાંખતા નાંખતા પહેલા તેને સંપૂર્ણપણે સૂકવી લો. મસાલા કાઢતી વખતે તેમાં ભીના હાથ કે ચમચી ન નાંખો. મસાલા કન્ટેનરને તારીખ સાથે લેબલ લગાવો. જેથી તેની તાજગી પર નજર રાખી શકશો. તમે તેનો યોગ્ય સમયમર્યાદા પર ઉપયોગ કરી શકો છો. જો તમે જલજીરા પાવડરને યોગ્ય રીતે સ્ટોર કરો છો, તો તેનો ઉપયોગ ત્રણ મહિના સુધી કરી શકાય છે.- જલજીરા પાઉડરનો ઉપયોગ વિવિધ વાનગીઓ, ચાટ અને સ્નેક્સમાં કરી શકાય છે. ચટપટા સ્વાદ માટે તમે તેને તાજા ફળ કે દહીં પર નાંખીને ખાઈ શકો છો. પોપકોર્ન માટે મસાલા તરીકે પણ ઉપયોગ કરી શકો છો. જલજીરા પાઉડરનો ઉપયોગ મેરિનેશન અને ડ્રેસિંગમાં પણ કરી શકાય છે. ગ્રિલ્ડ ચિકન કે સી-ફૂડ બનાવવા માટે એક ચટપટો અને તીખું મેરિનેશન બનાવવા માટે આ મસાલાને દહીં, લીંબૂનો રસ અને હર્બ્સ સાથે મિક્સ કરો.

# પાણી અને વોશિંગ મશીન વગર ગંદા ધાબળા ચોખ્ખા



ધાબળાનો ઉપયોગ વધારે થવાને કારણે ગંદા જલદી થઈ જાય છે. ગંદા ધાબળા ઓઢવાની મજા આવતી નથી તો એમાંથી વાસ આવે છે. આમ, તમે પાણી અને વોશિંગ મશીન વગર આ રીતે ધાબળા ક્લિન કરો. ધાબળાનો ઉપયોગ વારંવાર થવાને કારણે એ જલદી ખરાબ અને ગંદા થઈ જાય છે. આ ગંદા ધાબળા તમે કબાટમાં મુકો છો તો વાસ આવે છે અને ઓઢવાની મજા આવતી નથી. આ માટે ધાબળાને સમયે ચોખ્ખા કરવા ખૂબ જરૂરી છે. ગંદા ધાબળા તમે ઓઢો છો તો અનેક બીમારીઓ શરીરમાં એન્ટ્રી કરવા લાગે છે. આ ધાબળા ધોવા માટે અનેક ઘણી મહેનત પડતી હોય છે. એવામાં વોશિંગ મશીનમાં પણ હેવી ધાબળા ધોઈ શકતા નથી. તો જાણો આ નવી ટ્રિક વિશે.. ગંદા ધાબળાને સાફ કરવા માટે તમે બેકિંગ સોડાનો ઉપયોગ કરી શકો છો. આ માટે ધાબળાને પહેલા બેડ પર પાથરી લો. આ સમયે ધાબળો એકદમ ખુલ્લો કરી દો. હવે આ ધાબળાની ચારેબાજુ બેકિંગ સોડા છાંટી દો. બેકિંગ સોડા નાખવા માટે તમે ગળણીનો ઉપયોગ કરી શકો છો. ત્યારબાદ બ્રશની મદદથી સાફ કરો. આમ કરવાથી બેક્ટેરિયા, ધૂળ અને માટી સાફ થઈ જાય છે. આ પ્રોસેસ તમારે ધાબળાની બન્ને સાઈડ કરવાની રહેશે. આમ કરવાથી ધાબળા મિનિટોમાં સાફ થઈ જશે.

# સ્કિનને થશે નુકસાન એલોવેરા જેલમાં ભૂલેચૂકે પણ આ વસ્તુ મિક્સ ન કરતાં

ચહેરા પર એલોવેરા લગાવો છો, તો તમારે તેમાં કંઈપણ મિક્સ કરવાની જરૂર નથી. આજે અમે તમને કેટલીક એવી વસ્તુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેને એલોવેરા સાથે મિક્સ કરીને લગાવવાથી આપણી સ્કિનને ઘણું નુકસાન થાય છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) આપણે આપણી સ્કિન કેર માટે શું ન કરીએ? આમાં એલોવેરાનો સમાવેશ થાય છે જેનો આપણે આપણી સ્કિન કેર માટે ઘણો ઉપયોગ કરીએ છીએ. જ્યારે કેટલાક લોકો એકલું એલોવેરા લગાવે છે, તો કેટલાક લોકો તેને



ઘણી વસ્તુઓ મિક્સ કરીને લગાવે છે. પરંતુ આજે અમે તમને કેટલીક એવી વસ્તુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેને એલોવેરા સાથે મિક્સ કરવાથી આપણી સ્કિનને ફાયદાની જગ્યાએ નુકસાન થાય છે. એલોવેરા આપણી સ્કિન અને હેર માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે, તેમાં જોવા મળતા એન્ટીઓક્સીડેન્ટ અને એન્ટી બેક્ટેરિયલ ગુણ આપણી સ્કિનને હેલ્ધી રાખે છે. એલોવેરામાં વિટામિન છ અને વિટામિન ઈ પણ સારી માત્રામાં જોવા મળે છે, જે તમારી સ્કિનને હેલ્ધી રાખવામાં મદદ કરે છે. આજે અમે તમને એવી ૩ વસ્તુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેને એલોવેરા સાથે મિક્સ કરવામાં આવે તો તમારી સ્કિન માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. જો તમે લીંબુનો રસ મિક્સ કરીને એલોવેરા જેલ લગાવવા માંગો છો, તો તમારે ભૂલથી પણ આવી ભૂલ ન કરવી જોઈએ. ખરેખર, લીંબુમાં એસિડિક ગુણો જોવા મળે છે, તેથી તે આપણી સ્કિનને નુકસાન પહોંચાડે છે. જ્યારે એલોવેરા આપણી સ્કિનને ચમકદાર બનાવવાનું કામ કરે છે, ત્યારે લીંબુમાં વિપરીત ગુણો હોય છે. તેથી ભૂલથી પણ એલોવેરા સાથે લીંબુ મિક્સ ન કરો. આ કારણે તમને ફોલ્લીઓ, લાલાશ અને ખંજવાળ જેવી સમસ્યાઓ થઈ શકે છે. સ્કિનને ક્લિન કરવા માટે દાંત સાફ કરવા માટે કામ કરતી ટૂથપેસ્ટનો ઉપયોગ ક્યારેય ન કરવો જોઈએ. આજકાલ, તમે આવા ઘણા ઉપાયો વિશે સાંભળ્યું હશે જેમાં ટૂથપેસ્ટની મદદથી સ્કિનને નિખારવા માટે પ્રયોગો બતાવવામાં આવે છે. એવો પણ દાવો કરવામાં આવે છે કે જો તમે એલોવેરા જેલ મિક્સ કરીને ટૂથપેસ્ટ લગાવો છો તો તમારી ત્વચાને ગંભીર નુકસાન થઈ શકે છે. આવા ઉપાયોને અનુસરતા પહેલા, તમારે ચોક્કસપણે નિષ્ણાતનો અભિપ્રાય લેવો જોઈએ. બેકિંગ સોડાનો ઉપયોગ કપડાં સાફ કરવા માટે મોટા પ્રમાણમાં થાય છે. તમે એ પણ સાંભળ્યું હશે કે બેકિંગ સોડાનો ઉપયોગ દાંતની પીળાશ દૂર કરવા માટે પણ કરી શકાય છે.


# મહિલાઓએ કસરત પણ કરવી જરૂરી



ઘણી મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓ એવું માને છે કે હંમેશાં ઘરકામ કરતા સમયે જ શારીરીક કસરત થઈ જાય છે તો એક્સરસાઈઝની જરૂર નથી, પરંતુ એવું નથી સારીરીક મહેનત કરવી અને એક્સરસાઈઝ કરવી એ બન્ને અલગ અલગ બાબત છે. સારા સ્વાસ્થ્ય માટે હરરોજ કામમાંથી સમય નિકાળીને ઓછામાં આછી ૩૦ મિનિટ એક્સાઈઝ કરવી જ જોઈએ, કારણકે એના કારણે હાર્ટ મજબૂત થાય છે અને હાર્ટ એટેકને ખતરો ઓછો રહે છે. નિયમિત એક્સરસાઈઝ કરવાને કારણે વજન તો નિયંત્રણમાં રહે જ છે, પણ સાથે-સાથે ઘણા રોગોથી પણ બચાવ થાય છે. જો તમે નિયમિત કસરત નથી કરતા તો ઘરનું કામ કરવા છતા પણ તમારું વજન વધી શકે છે. એક્સરસાઈઝ કરવાની સાથે-સાથે કેટલીક બાબતોનું ખ્યાલ રાખવું જરૂરી છે. જેમ કે કસરત કરતા સમયે શરીરમાં પૂરતી માત્રામાં હાઈડ્રેટિડ હોવો જોઈએ. શરીરમાં પાણીની કમી ન રહેવી જોઈએ. મહિલાઓ કસરત કરતા સમયે જો પાણીની માત્રા પૂરતા પ્રમાણમાં હોય તો સુડોળ કાયાની સાથે-સાથે ચહેરા પર ચમક બોનસમાં મળશે, પરંતુ જોવા મળે છે કે મહિલાઓ નિયમિત કસરત ડિસિપ્લીનમાં રહેતી નથી. તો એના માટે શું કરવું જોઈએ? મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓએ કસરત એકલમાં ન કરતા એમની બહેનપણીઓ સાથે મળીને કરવી જોઈએ. સવારે અને સાંજે કસરત કરવા માટેના આઈડિયલ સમયમાં જો તમને ચાલવાનો કે કસરત કરવાનો સમય નથી મળતો તો તમારા ફાજલ સમયમાં પણ તમે કસરત કરી શકો છો. જો તમારું ઘર બે માળનું હોય કે ફ્લેટમાં રહેતા હોવ તો ચઢવા ઊતરવા માટે સીડીઓનો વધારેમાં વધારે ઊપયોગ કરો. તમારે ત્યાં બગીચો હોય તો એની દેખરેખ તમારે જાતે જ રાખવી જોઈએ, ભલે જ્યારે જરૂર હોય ત્યારે માળીને બોલાવીને બગીચાની દેખરેખ કેવી રીતે રાખવી એ શીખી લેવું જોઈએ. એમાં શારીરીક કસરત તો થશે પણ સાથે સાથે મન પણ પ્રફૂલ્લિત રહેશે. નિયમિત કસરત માટે એ જરૂરી છે કે ઘરમાં જ એક્સરસાઈઝના કેટલાક સાધન વસાવી લેવા જોઈએ. ગલી પોલિટિક્સથી દૂર રહો પણ એની ગતિવિધીઓમાં ભાગ જરૂરથી લો.

# સુતા સમયે ફોનનો ઉપયોગ કરતા હોય તો સાવધાન!

લોકોને સામાન્ય રીતે સુતા પહેલા ફોન જોવાની અને સવારે ઉઠ્યા પછી પણ સૌથી પહેલા ફોન ચેક કરવાની ટેવ હોય છે. એટલા માટે તેઓ ફોન બાજુમાં અથવા તો તકીયાની નીચે રાખતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમે તમારા ફોનની બાજુમાં સૂશો તો શું થશે? ચાલો જણાવીએ તેના એવા ગેરફાયદા કે તમે પણ ચોંકી જશો. ઉપકરણ સાથે સુવું એ ખુબ જ નુકસાનકારક ટેવ છે. જેના કારણે ઉંઘની કમી અને અન્ય રોગોનું કારણ બની શકે છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઈ ગઈ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઈયે નહીં અને ચાર્જ કરવો જોઈયે નહીં. ઘણીવાર આપણે આવી ઘટનાઓ પણ જોઈએ છીએ કે જેમાં પાસે રાખીને ફોન ચાર્જ કરવામાં આવતું હોય અને તેમાં બ્લાસ્ટ થવાની પણ ઘટના બનતી હોય છે. તમારી આંખોમાં મોબાઈલ ફોનનો ચમકતો પ્રકાશ અને



ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ માટે સતત સ્ક્રોલિંગ તમને ઊંઘવામાં મદદ કરશે નહીં. જો તમે સુતી વખતે તેને પાસે રાખો તો મોબાઈલના રેડિયેશન પણ શરીર માટે નુકસાનકારક હોય છે. આ સિવાય એપલે તાજેતરમાં જ તેની ઓનલાઈન યુઝર ગાઈડ અપડેટ કરી છે, જેમાં તેના આઈફોન યુઝર્સને પથારીમાં હોય ત્યારે ફોન ચાર્જ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. ઓવરહિટીંગ અને આગની ચેતવણી આપી છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઈ ગઈ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઈયે નહીં અને ચાર્જ કરવો જોઈયે નહીં.

# ડેન્ગ્યુ વિશે આ માહિતી કદાચ તમે નહીં જાણતા હોવ

ડેન્ગ્યુ એક એવી બીમારી જે મોતને આમંત્રણ આપી શકે છે. જો યોગ્ય સમયે સારવાર ન કરવામાં આવે તો તે ખૂબ જ ખતરનાક સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. માટે ડેન્ગ્યુમાં કેટલીક વસ્તુઓ ખાવાથી બચવું જોઈએ, નહીંતર મુશ્કેલી ઘટવાની જગ્યાએ વધી જશે. તો ચાલો આજે સમજીયે ડેન્ગ્યું સાથે જોડાયેલી વાતો. ડેન્ગ્યુ તાવ ડેન્ગ્યુ વાયરસ સંક્રમિત એડીઝ મચ્છર કરડવાથી થાય છે. વિશ્વભરમાં ૧૦૦થી વધુ દેશોમાં થતી બીમારીઓમાંની એક છે ડેન્ગ્યુ. તેમાં ભારત અને દક્ષિણ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રીકા, તાઈવાન અને મેક્સિકો પણ સામેલ છે. ડેંગૂ ફેલાવવાનો સમય અને સ્થળ સ્પષ્ટ નથી. એક રિપોર્ટ મુજબ આ મહામારી ૧૬૩૫માં વેસ્ટ ઈન્ડીઝના માર્ટીનિક અને ગ્વાડેલોપમાં જોવા મળી હતી. તો ૧૭૭૯માં સમગ્ર એશિયા, ઉત્તરી અમેરિકા અને આફ્રિકામાં એક સાથે તેનો ફલાવો થયો હતો. ડેન્ગ્યુનું આ ગંભીર સ્વરૂપ સૌપ્રથમ ૧૯૫૩માં ફિલિપાઈન્સમાં નોંધાયું હતું. ૧૯૭૦ સુધીમાં તો ડેન્ગ્યુનો તાવ બાળકોમાં મૃત્યુનું મુખ્ય કારણ બની ગયો હતો. તે પેસિફિક પ્રદેશ અને અમેરિકામાં પણ થવા લાગ્યો હતો. ભારતમાં ડેન્ગ્યુનો ઈતિહાસ ૩ દશક જૂનો છે. વર્ષ ૧૯૯૦ બાદ ડેન્ગ્યૂના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. ભારત સરકારે આ રોગને ગંભીર માની તેના સફાયા માટે પ્રયત્નો કર્યા હતા. સાથેજ લોકોમાં જાગૃતતા લાવવા ડેન્ગ્યુ દિવસ મનાવવાનું નક્કી થયું. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દર વર્ષે ૧૬ મેના રોજ ડેન્ગ્યુ દિવસ ઉજવવામાં આવે છે. જેથી લોકો તેનાથી અવગત થાય. રોગ નિયંત્રણ અને



નિવારણ કેન્દ્રો અનુસાર, ડેન્ગ્યુ તાવ વિશ્વની ૧૦૦ થી વધુ દેશોમાં થતી સામાન્ય સમસ્યા છે અને અંદાજે ૩ અબજ લોકો ડેન્ગ્યુથી પ્રભાવિત વિસ્તારોમાં રહે છે. તેમાં ભારત અને દક્ષિણપૂર્વ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રિકા, તાઈવાન અને મેક્સિકોનો સમાવેશ થાય છે. નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, વર્ષ જુલાઈ ૨૦૨૧ સુધીમાં માત્ર ભારતમાં ૧૪૦૪૪ થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. અને ૪ લોકો ના મૃત્યુ થયા છે રિપોર્ટમાં એ પણ સામે આવ્યું છે કે ડેન્ગ્યુના સંદર્ભમાં ભારત માટે સૌથી ખરાબ વર્ષ હતું. ૨૦૧૭ માં લગભગ ૧.૮૮ લાખ ડેન્ગ્યુ કેસ નોંધાયા હતા, જેમાંથી ૩૨૫ લોકોએ તેના કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. ડેન્ગ્યુ હળવો અથવા ગંભીર બંને હોઈ શકે છે. આવી સ્થિતિમાં તેના લક્ષણો પણ અલગ રીતે જોવા મળે છે. ઘણી વખત જ્યારે હળવા ડેન્ગ્યુ થાય ત્યારે કોઈ લક્ષણો દેખાતા નથી, ખાસ કરીને બાળકો અને કિશોરોમાં. ચેપ લાગ્યા બાદ ચારથી સાત દિવસમાં ડેન્ગ્યુના હળવા લક્ષણો દેખાવા લાગે છે. ડેન્ગ્યુ માટે કોઈ ચોક્કસ દવા કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. તાવ અને દુખાવાને કાબૂમાં રાખવા માટે ડોક્ટર પેરાસિટામોલ જેવી પેઈનકિલર્સ લખી શકે છે. શરીરને હાઈડ્રેટેડ રાખવું એ ડેન્ગ્યુને અંકુશમાં રાખવાની સૌથી મહત્વની રીતો છે. આ કિસ્સામાં, સ્વચ્છ પાણી પૂરતા પ્રમાણમાં પીવું જોઈએ. જો કે, ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે. ગંભીર કિસ્સાઓમાં, દર્દીને નસમાં પ્રવાહી અથવા ઈલેક્ટ્રોલાઈટ પૂરક આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, બ્લડ પ્રેશર મોનિટરિંગ અને બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા પણ તેની સારવાર કરવામાં આવે છે. એસ્પિરિન અથવા આઈબુપ્રોફેન જેવી દવાઓનું સ્વ-સંચાલન કરવાનું ભૂલશો નહીં, કારણ કે તે રક્તસ્રાવનું જોખમ વધારી શકે છે.

મે ૨૦૧૯ માં, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ૯ થી ૧૬ વર્ષના બાળકોમાં ડેંગવેક્સિયા નામની ડેન્ગ્યુ રસીના ઉપયોગને મંજૂરી આપી હતી. જો કે, ભારતમાં આ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી હજુ સુધી આપવામાં આવી નથી. ડેન્ગ્યુ એક ચેપી રોગ છે, જે મચ્છર દ્વારા વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાય છે. આવી સ્થિતિમાં, રસી ન મળવાને કારણે, ડેન્ગ્યુથી બચવાનો એકમાત્ર રસ્તો મચ્છરોથી પોતાને બચાવવાનો છે. મચ્છરદાનીનો શક્ય તેટલો ઉપયોગ કરો. સાંજના પહેલા તમારા ઘરના દરવાજા અને બારીઓ બંધ કરો. શરીરને સંપૂર્ણપણે ઢંકાઈ જાય એવા કપડાં પહેરો. તમે નીચેના પગલાં પણ અપનાવી શકો છો. ખાતરી કરો કે આસપાસ પાણી એકત્રિત ન થાય.

# જાણો ઈ સિગારેટ હેલ્થ માટે કેટલી ખતરનાક? કઇ ગંભીર બીમારીઓનો શિકાર બનો છો

અનેક લોકોને ઈ સિગારેટ પીવાની આદત હોય છે. ઈ સિગારેટ પીવાથી હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે. ઈ સિગારેટ પીવાથી શરીર અંદરથી ધીરે-ધીરે ડેમેજ થવા લાગે છે. આમ, તમને ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બદલવી જોઈએ. ઈ સિગારેટ, જેને ઈલેક્ટ્રોનિક સિગારેટ તેમજ વેપ પેન તરીકે પણ જાણવામાં આવે છે. આ એક બેટરીથી ચાલતુ ઉપકરણ છે. ઈ સિગારેટના ઉપયોગના લોન્ગ ટર્મ હેલ્થ ઈફેક્ટસ વિશે અનેક લોકો અજાણ છે. સંશોધનમાં એ વાત જાણવા મળી છે કે ઈ સિગારેટ પૂરી રીતે હાનિકારક નથી, પરંતુ અનેક પ્રકારના જોખમ થઈ શકે છે. ઈ સિગારેટમાં



વધારે નિકોટીન હોય છે, જેની લત તમને લાગી શકે છે. નિકોટીનની લત સ્વાસ્થ્યને અનેક પ્રકારે નુકસાન પહોંચાડે છે. તો આજે અમે તમને ઈ સિગારેટથી આપણી રેસ્પિરેટરી સિસ્ટમ પર કેવી અસર કરે છે એ વિશે જણાવીશું. તો જાણો આ વિશે અને આ આદત છોડો. ઈ સિગારેટ પીવાથી શરીરમાં સોજા અને ટિશ્યુ ડેમેજનું કારણ બની શકે છે જેના કારણે શ્વસન સંબંધીત સમસ્યાઓ અને ફેફસા ડેમેજ થઈ શકે છે. ઘણાં કેસમાં તો મોત પણ થઈ શકે છે. આમ, વાત કરવામાં આવે તો ઈ સિગારેટ પીવાથી ઓવર ઓલ હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે.

ઈ-સિગારેટનો નિયમિત ઉપયોગ કરો છો ફેફસાંની કાર્યક્ષમતામાં કમી આવી શકે છે જેના કારણે વ્યક્તિને શ્વાસ લેવામાં અનેક ઘણી તકલીફ પડી શકે છે. આ સિવાય ક્રોનિક ઓબ્સટ્રક્ટિવ પલ્મોનરી ડિસિઝ જેવી અનેક સમસ્યાઓ થઈ શકે છે. ઈ સિગારેટ તમે વધારે પીઓ છો તો ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડવા લાગે છે. આમ, તમારી ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડે ત્યારે તમે અનેક પ્રકારની બીમારીઓનો ભોગ ઝડપથી બનો છો. આ માટે ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ હોવી ખૂબ જરૂરી છે.

ઈ સિગારેટ પીવાથી અસ્થમા એટેકને ટ્રિગર કરી શકે છે. આમ, તમને પણ વધારે ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બંધ કરવી જોઈએ. આ આદત તમને અનેક રીતે મુશ્કેલીમાં મુકી શકે છે. આ માટે ઈ સિગારેટ પીવાનું ટાળો. આ તકલીફો જ્યારે નાની ઉંમરમાં થાય ત્યારે બીજી અનેક ઘણી તકલીફો થતી હોય છે.

# પૃથ્વી પરનું સૌથી એકલું ઘર, આસપાસ એક પણ માણસ નહીં મળે જોવા

**ભાગ્યે જ કોઈ હશે જે આવા એકાંત વાતાવરણમાં રહેવા માંગતું હશે, જ્યાં મહિનાઓ સુધી કોઈ આવતું પણ નથી અને જતું પણ નથી**



આપણામાંના ઘણા લોકો ભાગદોડભર્યા જીવનથી કંટાળી જઈએ છીએ અને એવી જગ્યાએ જવાનું વિચારીએ છીએ જ્યાં શાંતિ હોય. જો કે, ભાગ્યે જ કોઈને એવી જગ્યા ગમશે જ્યાં વાત કરવા માટે કોઈ ન હોય અને ન તો તમે કોઈને મળવા જઈ શકો. આજે અમે તમને આવા જ એક ઘર વિશે જણાવીશું, જે સાવ વીરાન જગ્યાએ બનેલું છે. ભાગ્યે જ કોઈ હશે જે આવા એકાંત વાતાવરણમાં રહેવા માંગતું હશે, જ્યાં મહિનાઓ સુધી કોઈ આવતું પણ નથી અને જતું પણ નથી. આજે અમે તમને એવા જ એક ઘર વિશે જણાવીશું, જેને પૃથ્વીનું સૌથી એકલવાયું ઘર માનવામાં આવે છે. ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, આ ઘર એક સુદૂર ટાપુમાં છે અને તેને ટાપુની સાથે વેચવામાં આવ્યું છે. આખરે, વિશ્વના એક છેડે બનેલું આ ઘર કોણે ખરીદ્યું? નોર્વે નજીકના સ્કેલ્મેન નામના ટાપુ પર એક ઘર છે, જે પૃથ્વીનું સૌથી એક માત્ર ઘર માનવામાં આવે છે. અહીં પહોંચવા માટે માત્ર બે ફેરી છે, જે ૪ માઈલની બોટ ટ્રીપ પછી ત્યાં પહોંચે છે. આ સ્થળ ઘણા મહિનાઓ સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે, કારણ કે તે એક સંરક્ષિત પક્ષી અનામત છે. ૨૦ વર્ષથી અહીં હાજર દીવાદાંડી પર કોઈએ પગ પણ મૂક્યો નથી. શરૂઆતમાં તેને તોડી પાડવાની હતું, પરંતુ બાદમાં બિલ્ડીંગને પહેલા માર્કેટમાં વેચાણ માટે મુકવામાં આવ્યું હતું. આ ઘર ૧૯૦૬માં બનાવવામાં આવ્યું હતું. તેને ૩૭ લાખ રૂપિયામાં ટાપુ પર હરાજી માટે મૂકવામાં આવ્યો હતો, પરંતુ એક દંપતિએ તેને લગભગ ૯૦ લાખ રૂપિયા ચૂકવીને બમણી કિંમતે ખરીદ્યું હતું. એન્ડ્રીસ અને મોના નામના પતિ-પત્નીએ તેને ખરીદ્યું અને અહીં રજાઓ ગાળવા આવે છે. જોકે, તેઓ આ જગ્યાના સમારકામ માટે એક પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. તેઓ ફરી એકવાર આ સ્થળને ટિપ ટોપ બનાવવા માંગે છે, જ્યાં તેઓ અને પ્રવાસીઓ બંને આવી શકે.

# એરિઝોના બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં પ્રવેશતા ઈમિગ્રન્ટ્સ પરથી મોટું જોખમ ટળ્યું

**કેટી હોબ્સ ભૂતકાળમાં બોર્ડર ક્રાઈસિસને જે રીતે બાઈડન સરકાર મેનેજ કરી રહી છે તે અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે**

**આ બિલ પસાર કરનારા રિપબ્લિકન્સનો એવો દાવો છે કે બોર્ડર ક્રોસ કરવી ગેરકાયદે છે**





૬૨ વર્ષે કેટલાય ગુજરાતીઓ મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં ગેરકાયદે રીતે દાખલ થાય છે, અને આવા લોકોને બોર્ડર પેટ્રોલ દ્વારા અટકાયતમાં લઈને મોટાભાગે તેમને જરૂરી ફોર્માલિટી પૂરી કરીને રિલીઝ કરી દેવામાં આવે છે. જોકે, એરિઝોનાનાં રિપબ્લિકન સેનેટર્સ એવો કાયદો લાવવા માગતા હતા કે જેમાં રાજ્યની પોલીસને બોર્ડર ક્રોસ કરીને આવેલા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવાની સત્તા હોય, તેમજ કોર્ટ આવા લોકોને ડિપોર્ટ કરી શકે. તેના માટે તેમણે રાજ્યની સેનેટના અપર હાઉસમાં એક બિલ પસાર કરી દીધું હતું. આ બિલને જો કાયદાનું સ્વરૂપ પ્રાપ્ત થયું હોત તો ટેક્સાસ અને ફ્લોરિડાની જેમ એરિઝોનામાં પણ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની મુશ્કેલી વધી શકે તેમ હતી, પરંતુ રાજ્યના ડેમોક્રેટ ગવર્નરે આ બિલને વીટો પાવર વાપરીને તેના પર બ્રેક લગાવી દીધી છે. અમેરિકાના એક પછી એક રાજ્યો હાલ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સ પર સંકજો કસવા માટે કડક કાયદા લાવવા માટે કવાયત કરી રહ્યા છે ત્યારે એરિઝોનાના ડેમોક્રેટ ગવર્નર કેટી હોબ્સે ઈલીગલ માઈગ્રન્ટ્સને મોટી રાહત આપતા રાજ્યના રિપબ્લિકન્સની બહુમતી ધરાવતા સેનેટના અપર હાઉસ દ્વારા પાસ કરાયેલા એક બિલને વીટો વાપરીને અટકાવી દીધું છે. આ બિલની જોગવાઈઓ પર નજર કરીએ તો તેમાં ગેરકાયદે રીતે બોર્ડર ક્રોસ કરવાને ગુનો ગણીને આવા લોકોને પકડવાની એરિઝોનાને સત્તા આપવામાં આવી છે. એટલું જ નહીં, પોલીસે બોર્ડર ક્રોસ કરતા પકડેલા લોકોને કોર્ટ ડિપોર્ટ કરવાની કે પછી એરિઝોનાની બહાર મોકલવા આદેશ કરી શકે તેવી જોગવાઈ પણ આ બિલમાં હતી. ધ બિલ, કોલ્ડ ધી એરિઝોના બોર્ડર ઈનવેસન એક્ટને ગવર્નર કેટી હોબ્સે સોમવારે વીટોનો ઉપયોગ કરીને કાયદાનું સ્વરૂપ ધારણ કરતા અટકાવી દીધું હતું. કેટી હોબ્સ ભૂતકાળમાં બોર્ડર ક્રાઈસિસને જે રીતે બાઈડન સરકાર મેનેજ કરી રહી છે તે અંગે પોતાની નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે, પરંતુ આ રિપબ્લિકન્સનો ટેકો ધરાવતા આ બિલ અંગે તેમનું એવું કહેવું હતું કે આ બિલ એન્ટી-ઈમિગ્રન્ટ તેમજ ગેરબંધારણીય છે. ગવર્નરે એવું પણ જણાવ્યું હતું કે આ બિલમાં જે જોગવાઈઓ છે તેનાથી બોર્ડર સિક્યોર નથી થવાની, અને તેના કારણે એરિઝોનામાં રહેતા લોકો અને રાજ્યના અર્થતંત્ર પર અવળી અસર પડશે અને સાથે-સાથે પોલીસ પર કામનો બોજ પણ વધશે. સાથે જ કેટી હોબ્સે એવો પણ દાવો કર્યો હતો કે ઈલીગલી બોર્ડર ક્રોસ કરતા લોકોને અરેસ્ટ કરવાની તેમજ ઈલીગલ ઈમિગ્રન્ટને ડિપોર્ટ કરવાની સત્તા માત્ર ફેડરલ ગવર્મેન્ટ પાસે છે. એરિઝોનાના રિપબ્લિકન સ્ટેટ સેનેટર્સ એવું બિલ પણ પસાર કરવાની તૈયારી કરી રહ્યા છે કે જેમાં સેલ્ફ ડિફેન્સના નામે ખેડૂતો અને પશુપાલકોને પોતાની પ્રોપર્ટીમાં ઘૂસેલા માઈગ્રન્ટ્સને શૂટ કરવાની પણ મંજૂરી મળશે, પરંતુ કેટી હોબ્સ તેની સામે પણ વીટો પાવરનો ઉપયોગ કરશે તે નક્કી મનાઈ રહ્યું છે.

**ઈલીગલ ઈમિગ્રન્ટ્સને આવતા રોકવા માટે રાજ્ય પોતાનો કાયદો બનાવે તે જરૂરી છે**

**એક તરફ કેટી હોબ્સે એન્ટી ઈમિગ્રન્ટ બિલને અટકાવી દીધું છે તો બીજી તરફ આ બિલ પસાર કરનારા રિપબ્લિકન્સનો એવો દાવો છે કે બોર્ડર ક્રોસ કરવી ગેરકાયદે છે છતાંય બાઈડનના કાર્યકાળમાં દુનિયાભરના લાખો લોકો ઈલીગલી અમેરિકામાં ઘૂસ્યા છે, તેવામાં ઈલીગલ ઈમિગ્રન્ટ્સને આવતા રોકવા માટે રાજ્ય પોતાનો કાયદો બનાવે તે જરૂરી છે. માઈગ્રન્ટ્સના અસ્ખલિત પ્રવાહને કારણે બોર્ડર પેટ્રોલ પાસે સંસાધનો ખૂટી પડ્યા છે અને સરહદ પર આવેલા શહેરોમાં અને એરિઝોનામાં પણ ક્રાઈમ રેટ વધ્યો છે. જોકે, ડેમોક્રેટ્સ આંકડાઓ સાથેના પુરાવા રજૂ કરીને રિપબ્લિકન્સની આ દલીલને ખોટી ગણાવતા એવું કહી રહ્યા છે કે ટેક્સાસ જેવા રાજ્યના બોર્ડર પર આવેલા શહેરો અમેરિકાના બીજા કોઈ શહેરોની સરખામણીએ વધુ સુરક્ષિત છે. એરિઝોનાએ ૨૦૧૦માં એક કાયદો બનાવી સ્થાનિક પોલીસને કોઈપણ વ્યક્તિનું ઈમિગ્રેશન સ્ટેટસ ચેક કરવાની સત્તા આપી હતી, જેનો તે વખતે જબરજસ્ત વિરોધ થયો હતો.**

# અનોખી પદ્ધતિથી ખેડૂતે કરી ડ્રેગન ફ્રુટની ખેતી

**ગુજરાતમાં બાગાયતી ખેતીનો વ્યાપ સતત વધી રહ્યો છે, આજે બાગાયતી ખેતી એક આધુનિક વ્યવસાય તરીકે વિકસી રહી છે**





ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે. દેશમાં હવે ખેડૂતો આધુનિક પદ્ધતિથી ખેતી કરીને લાખો રૂપિયાની કમાણી કરી રહ્યાં છે. તેજ રીતે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના બંધીયા ગામમાં રહેતા ધીરજલાલ રાણપરીયા અને ધોરાજીના પ્રગતિશીલ ખેડૂત ભગવાનજીભાઈ ચવાડીયા અને જેન્તીભાઈ ચવાડીયા કમલમ ફ્રૂટની ખેતી કરે છે. આ ખેડૂતો એક વીઘામાં માંડવા પદ્ધતિથી રૂપિયા ૫૦-૬૦ હજારના ખર્ચની સામે ૨ થી ૨.૩૦ લાખ રૂપિયાની આવક કરી રહ્યાં છે. ગુજરાતમાં બાગાયતી ખેતીનો વ્યાપ સતત વધી રહ્યો છે. આજે બાગાયતી ખેતી એક આધુનિક વ્યવસાય તરીકે વિકસી રહી છે. ત્યારે પરંપરાગત ખેતીથી અલગ ફળોની ખેતી કરવા માંગતા ધરતીપુત્રો માટે કમલમ શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ રહ્યો છે. ગુજરાતમાં કમલમ તરીકે ઓળખાતું ડ્રેગન ફ્રુટએ થોરની પ્રજાતિનું ફળ છે. જેમાં કેલ્શિયમ, આયર્ન, ફોસ્ફરસ, વિટામીન સી અને વિટામિન બી જેવા પોષકતત્વોથી ભરપૂર છે. કમલમના ફળ, ફુલ અને છોડને પણ ઉપયોગમાં લઈ શકાય છે. ફળમાંથી મૂલ્યવર્ધક વસ્તુઓ પણ બનાવી શકાય છે. ત્યારે અદ્યતન ટેકનોલોજી અને ગુજરાત સરકારના સહકાર થકી રાજકોટ જિલ્લાના ખેડૂતો ફળ અને શાકભાજીના ક્લસ્ટર બનાવી ખેતીના માધ્યમથી સમૃદ્ધ બની રહ્યાં છે. ધોરાજીના પ્રગતિશીલ ખેડૂત ભગવાનજીભાઈ ચવાડીયા અને જેન્તીભાઈ ચવાડીયાએ ૭૫ વીઘામાં કમલમનું વાવેતર કર્યું છે. આ ખેડૂતોનું કહેવું છે કે, કમલમની ટકાઉ ક્ષમતા બીજા ફળોની સરખામણીમાં વધારે છે. તેને બીજા પાકોની સરખામણીમાં ઓછા પાણી અને ઓછી કાળજીની જરૂર રહે છે. એક વીઘા જમીનમાં માંડવા પદ્ધતિથી કમલમના ઉત્પાદનનો ખર્ચ આશરે રૂ. ૫૦થી ૬૦ હજારનો થાય છે. તેની સામે ૨ લાખથી ૨.૩૦ લાખ રૂપિયા જેટલી આવક થાય છે. ખેડૂતો જણાવ્યું હતું કે, કમલમની ખેતી માટે એક હેક્ટરની મર્યાદા માટે પહેલો હપ્તો ૮૪ હજાર રૂપિયા અને બીજો હપ્તો ૪૨ હજાર રૂપિયા મળી કુલ ૧ લાખ ૨૬ હજાર રૂપિયાની સરકારી સહાય પ્રાપ્ત થઈ છે. સાથે સાથે જરૂરી દસ્તાવેજો જમા કરાવવાની પ્રક્રિયામાં પણ બાગાયત તંત્રનો પૂરતો સહયોગ મળ્યો હતો.અગાઉ ચંદનના રોપા અને કમલમના રોપાની સહાય પણ લીધેલી છે.સરકારની આર્થિક સહાય મળતા નફો સારો થયો છે.આવકનું પ્રમાણ વધતા કમલમ એ જાણે જીવનમાં ખુશહાલી લાવી છે. ગોંડલ તાલુકાના બંધીયા ગામમાં રહેતા ધીરજલાલ રાણપરીયાએ જણાવ્યું કે, સીએમ ભુપેન્દ્ર પટેલનો ખૂબ ખૂબ આભાર કે કમલમની ખેતી માટે આર્થિક ટેકો આપ્યો. કમલમની ખેતી માટે અમને એક હેક્ટર માટે ૧ લાખ ૩ હજારનો પહેલો હપ્તો મળ્યો હતો. જ્યારે બીજો હપ્તો પણ ટૂંક સમયમાં મળી જશે. અમે ૭ વર્ષથી કમલમની ખેતી કરીએ છીએ. થાંભલી પદ્ધતિથી કમલમના વાવેતરમાં ૧ વીઘે રૂપિયા સવા લાખ જેટલા ખર્ચની સામે ૫થી ૬ લાખ રૂપિયા જેટલી આવક થાય છે. સાથે સાથે છોડના ટુકડાઓમાંથી રોપા તૈયાર કરીને તેનું વેચાણ પણ કરીએ છીએ.

**ફેબ્રુઆરીમાં ૨૮ અને ૨૯ દિવસ છે**

# ઇતિહાસમાં નોંધાઇ છે 30 ફેબ્રુઆરી, તો કેમ દૂર થઇ ડેટ

**દેશ જુલિયન અને ગ્રેગોરિયન બંને કેલેન્ડરમાં પાછળ રહી ગયો, પછી આ દેશે વિચાર્યું કે તે જુલિયન કેલેન્ડર પર પાછું ફરશે**

ફેબ્રુઆરીમાં ૨૮ દિવસ હોય છે, પરંતુ દર ૪ વર્ષે એક વધારાનો દિવસ હોય છે, પરિણામે ૨૯ દિવસ થાય છે. આવું શા માટે થાય છે તેનું કારણ તમારે જાણવું જ જોઈએ. પરંતુ શું તમે જાણો છો કે ૩૦ ફેબ્રુઆરીની પણ એક તારીખ હોય છે. ઈતિહાસમાં આવા બે પ્રસંગો નોંધાયેલા છે, જ્યારે ૩૦મી ફેબ્રુઆરીની તારીખનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સૌથી પહેલા સ્વીડનની વાત કરીએ. ૧૭૦૦ ના દાયકામાં ફિનલેન્ડ પણ સ્વીડનનો એક ભાગ હતો. પછી સ્વીડને નિર્ણય લીધો કે તેઓ જુલિયન કેલેન્ડરમાંથી ગ્રેગોરીયન કેલેન્ડરમાં શિફ્ટ થશે. જુલિયન કેલેન્ડરમાં ૧૭૦૦નું વર્ષ લીપ વર્ષ હોવું જોઈએ, પરંતુ સ્વીડનમાં લીપ વર્ષ ઉજવવામાં આવ્યું ન હતું. પરંતુ એક ભૂલ થઈ અને વર્ષ ૧૭૦૪ અને ૧૭૦૮ને લીપ વર્ષ તરીકે ગણવામાં આવ્યા. આ કારણે દેશ જુલિયન અને ગ્રેગોરિયન બંને કેલેન્ડરમાં પાછળ રહી ગયો. પછી આ દેશે વિચાર્યું કે તે જુલિયન કેલેન્ડર પર પાછું ફરશે. સ્વીડનમાં તારીખ ૩૦ ફેબ્રુઆરી ૧૭૧૨ નક્કી કરવામાં આવી હતી કારણ કે તે વર્ષમાં જુલિયન કેલેન્ડર અપનાવવામાં આવ્યું હતું અને ૨ લીપ દિવસ ઉમેરવામાં આવ્યા હતા. ૧૭૫૩માં સ્વીડન ફરીથી ગ્રેગોરિયન કેલેન્ડર તરફ આગળ વધ્યું, પરંતુ આશ્ચર્યજનક બાબત એ હતી કે તે વર્ષે ૧૧ દિવસનું કરેક્શન માનવીને ૧૭ ફેબ્રુઆરી પછી સીધો ૧ માર્ચનો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો. આ રીતે લોકોને લાગ્યું કે તેમના જીવનના ૧૧ દિવસ તેમની પાસેથી ચોરાઈ ગયા છે. ઈતિહાસમાં ૩૦ ફેબ્રુઆરીનો બીજો પ્રસંગ સોવિયેત ક્રાંતિકારી કેલેન્ડર અનુસાર જોવામાં આવે છે. સોવિયેત સંઘે ૧૯૨૯માં ક્રાંતિકારી કેલેન્ડર લાગુ કર્યું, જે ૧૯૩૦-૩૧ માટે હતું અને તેમાં ૩૦ ફેબ્રુઆરીની તારીખનો સમાવેશ થતો હતો. આ કારણોસર આ પણ ઈતિહાસમાં એક ખૂબ જ પ્રખ્યાત ઘટના છે. આ કેલેન્ડરમાં એક મહિનામાં ૫ દિવસના અઠવાડિયા હતા. દરેક કામકાજના મહિનામાં ૩૦ દિવસ હતા. બાકીના ૫-૬ દિવસોને મહિના વગરની રજા તરીકે ગણવામાં આવતા હતા. સાત-દિવસના સપ્તાહને ખતમ કરી પાંચ-દિવસના સપ્તાહનો હેતુ બિન-કાર્યકારી દિવસોને કારણે થતા વિક્ષેપોને દૂર કરવાનો અને ઔદ્યોગિક કાર્યક્ષમતામાં સુધારો કરવાનો હતો. જો કે, આ સમય દરમિયાન સોવિયેત યુનિયનમાં ગ્રેગોરિયન કેલેન્ડર લાગુ કરવાનું ચાલુ કરાયુ હતું. ૧૯૪૦માં ૭ દિવસનું કાર્ય સપ્તાહ ફરી શરૂ થયું. શું તમે આ હકીકત વિશે પહેલાથી જ જાણો છો?

# સાપ માટે દૂધ કોઈ ઝેરથી ઓછું નથી, સાપનું થઈ શકે છે મોત

**સાપ હકીકતમાં માંસાહારી જીવો છે, જ્યારે સાપને ભૂખ લાગે છે ત્યારે તેઓ પોતાનું પેટ ભરવા દેડકા, ઉંદરો, પક્ષીઓ, ગરોળી અને સાપનો શિકાર કરે છે**

સાપ હકીકતમાં માંસાહારી જીવો છે. જ્યારે સાપને ભૂખ લાગે છે ત્યારે તેઓ પોતાનું પેટ ભરવા દેડકા, ઉંદરો, પક્ષીઓ, ગરોળી અને સાપનો શિકાર કરે છે. તેમની તરસ છીપાવવા માટે સાપ માત્ર પાણી પીવે છે. પરંતુ ભારતમાં સાપ સંબંધિત એક પરંપરા છે, જે અંતર્ગત સદીઓથી સાપને દૂધ પીવડાવવાની પ્રથા છે. નાગ પંચમીના દિવસે સપેરાઓ સાપ સાથે શેરીઓમાં ફરે છે અને લોકો તેમને દૂધ પીવડાવે છે. આનાથી તેમને પૈસા અને અનાજ મળે છે. નિષ્ણાતોના મતે સાપને દૂધ પીવડાવવું ખોટું અને સાપ માટે નુકસાનકારક છે. એટલું જ નહીં, દૂધ પીવાથી સાપ મરી શકે છે. સર્પ નિષ્ણાત ડૉ. વિશાલ પટેલના જણાવ્યા મુજબ દૂધ માત્ર સાપ માટે જ નહીં પરંતુ કોઈપણ સરિસૃપ માટે હાનિકારક છે. તે કહે છે કે સરિસૃપ ન તો પોતે દૂધ ઉત્પન્ન કરે છે અને ન તો દૂધને પચાવવા માટે ઉત્સેચકો ઉત્પન્ન કરે છે. હકીકતમાં, નાગપંચમી પહેલા સપેરાઓ સાપના દાંત તોડી નાખે છે એટલું જ નહીં તેમની ઝેરી ગ્રંથીઓ પણ દૂર કરે છે. નાગપંચમીના ઘણા દિવસો સુધી સપેરાઓ સાપને ભૂખ્યા અને તરસ્યા રાખે છે જેથી તેઓ ભૂખને કારણે કંઈક ખાઈ-પી શકે. નિષ્ણાતોના મતે દૂધ પીવાથી સાપના ફેફસાં અને આંતરડાને પણ નુકસાન થાય છે. પછી થોડા દિવસો પછી તે મૃત્યુ પામે છે. એટલા માટે નિષ્ણાતો કહે છે કે સાપને દૂધ પીવડાવવું એ તેમને મારવા સમાન છે. અમેરિકાના પેન્સિલવેનિયામાં આવેલી લેઈ યુનિવર્સિટીના ડેવિડ કડલે ૨૦૧૨માં પ્રકાશિત થયેલા એક લેખમાં જણાવ્યું હતું કે, પ્રકૃતિ સજીવોમાં માત્ર તે જ અંગો અને રસાયણો ઉત્પન્ન કરે છે જેની તેમને જરૂર હોય છે. દૂધ પચાવવા માટે જરૂરી રસાયણો સાપના પેટ કે આંતરડામાં ઉત્પન્ન થતા નથી. આવા સંજોગોમાં સાપ દૂધ પીતા નથી.

# હોલીવુડ ફિલ્મ જેવા થઈ શકે છે દુનિયાના હાલ

અનેકવાર અસલ જીવનમાં આપણ કંઈક જોઈએ તો એવું લાગતું હોય છે કે આવું તો આપણે પહેલા પણ જોયુ છે કે સાંભળ્યું છે. ક્યારેક એવી ઘટનાઓ મૂવીમાં જોવા મળતી હોય છે. પરંતુ શું તમારી સાથે ક્યારેય એવું બન્યું છે કે કોઈ ઘટના બરાબર એ જ રીતે ઘટે જે રીતે તમે કોઈ ફિલ્મમાં જોયું હોય? જો ના જોયું કે સાંભળ્યું હોય તો તમને જણાવી દઈએ કે વૈજ્ઞાનિકોની એક ચેતવણી મુજબ આવું થઈ શકે છે. પહેલા આપણે જાણી લઈએ કે આ ચેતવણી આખરે શું છે અને તે કઈ ફિલ્મની યાદ અપાવે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દુનિયામાં બરફ પીગળવાના ગંભીર પરિણામો આવી શકે છે. પરંતુ તેનાથી સૌથી વધુ અસર ગલ્ફ જળધારાનું બંધ થવું એ હશે જે ઉત્તરી ગોળાર્ધના ઠંડા મહાસાગરોને ગરમી આપવાનું કામ કરે છે. તેનાથી એવા જળવાયુ હાલાત પેદા થશે કે જેનાથી અનેક દેશોમાં હિમ યુગ જેવા હાલાત જોવા મળી શકે છે. વર્ષ ૨૦૦૪માં હોલીવુડ મૂવી 'ધ ડે આફ્ટર ટુ મોરો' રિલીઝ થયી હતી. આ બ્લોકબસ્ટર ફિલ્મમાં જણાવવામાં આવ્યું હતું કે કેવી રીતે એક આંતરરાષ્ટ્રીય સ્તર પર આવનારા તોફાનના કારણે પૃથ્વી પર હિમયુગ જેવી સ્થિતિ ઊભી થાય છે. જો કે આ ફિલ્મમાં ઘણું બધુ કાલ્પનિક હતું. પરંતુ હિમયુગ જેવી સ્થિતિ બનવી એ કોઈ ગપગોળો નથી. સમુદ્રની નીચે ભૂમધ્ય રેખા પાસે મહાસાગરોનું પાણી ગરમ થઈને પ્રવાહ બની ઉત્તર તરફ વહે છે. ગલ્ફ જળધારા એટલાન્ટિક મહાસાગરની ઉત્તરમાં જઈને ઠંડી થઈને ગરમી છોડે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પિગળતા ગ્લેશિયર ગલ્ફ જળધારાઓને બંધ કરવા જઈ રહ્યા છે. આ ધારાઓ ઉત્તરી ગોળાર્ધના મહાસાગરોમાં ગરમી પહોંચાડે છે.

૯૯ વર્ષના ભાડા કરાર સાથે ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશને એરપોર્ટ માટે લાયસન્સ આપ્યું હતું

# પહેલા જ વરસાદમાં મધ્યપ્રદેશના રીવા એરપોર્ટની બાઉન્ડ્રી વોલ ધરાશાયી

## ૫૦૦ કરોડના ખર્ચે થોડા મહિના પહેલાં જ તૈયાર આ એરપોર્ટની દિવાલ ધરાશાયી સરકાર વિરૂદ્ધ આક્ષેપો

। રીવા, તા.૧૩ ।

મધ્યપ્રદેશના રીવામાં છેલ્લા ૨૪ કલાકથી વરસી રહેલા મૂશળધાર વરસાદના કારણે હાલમાં જ નિર્માણ કરાયેલા એરપોર્ટની બ્રાઉન્ડી વૉલ ધરાશાયી થઈ છે. ૫૦૦ કરોડના ખર્ચે થોડા મહિના પહેલાં જ તૈયાર આ એરપોર્ટની દિવાલ ધરાશાયી થતાં સોશિયલ મીડિયા પર સરકાર વિરૂદ્ધ આક્ષેપો થઈ રહ્યા છે. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ શિલાન્યાસ થયા બાદ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ થયુ હતું. મધ્યપ્રદેશમાં ભોપાલ, જબલપુર, ખજૂરાહો, ઈન્દોર અને ગ્વાલિયર બાદ રીવામાં છઠ્ઠુ એરપોર્ટ બનાવવા આશરે પાંચ ગામની ૩૨૩ એકર જમીન ભાડેપટ્ટે લેવામાં આવી છે. ૯૯ વર્ષના ભાડા કરાર સાથે ડાયરેક્ટર જનરલ ઓફ સિવિરલ એવિએશને એરપોર્ટ માટે લાયસન્સ આપ્યું હતું. પરંતુ મૂશળધાર વરસાદના કારણે એરપોર્ટ વિસ્તારની જમી ધસી પડી હતી. જેથી દિવાલનો એક હિસ્સો જમીનદોસ્ત થયો હતો. એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યા અનુસાર, એરપોર્ટની આસપાસના વિસ્તારોમાં પાણી ભરાતાં બ્રાઉન્ડી વૉલ ધરાશાયી થઈ હતી. તે પાણીના વહેણને રોકી શકી ન હતી. જો કે, રનવે સહી સલામત છે. તેને કોઈ નુકસાન થયુ નથી. ફ્લાઈટનું સંચાલન પણ ચાલુ છે. બાઉન્ડ્રી વૉલ હવા અને લોકોને એરપોર્ટની અંદર પ્રવેશતા રોકવા માટે બનાવવામાં આવે છે.

ઉગ્રવાદી સંગઠન ULFAનો દાવો - સિનિયર લીડર ઠાર

# મ્યાનમાર સરહદ પર ભારતીય સેના દ્વારા ડ્રોન હુમલો કરાયો

## મોબાઇલ કેમ્પ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો

। મ્યાનમાર, તા.૧૩ ।

મ્યાનમારના સાગાઈંગ ક્ષેત્રમાં ULFA (I) નામના બળવાખોર સંગઠને દાવો કર્યો છે કે ભારતીય સેનાએ મ્યાનમાર સરહદ પર તેમના કેમ્પ પર ડ્રોન હુમલા કર્યા છે. ULFA (I) ના જણાવ્યા અનુસાર, આ હુમલામાં એક વરિષ્ઠ નેતાનું મોત થયું છે અને લગભગ ૧૯ લોકો ઘાયલ થયા છે. જોકે, સંરક્ષણ પ્રવક્તાએ આ ઘટનાની જાણકારી હોવાનો ઈનકાર કર્યો છે. સેનાએ આવી કોઈ કાર્યવાહીની જાણકારી હોવાનો ઈનકાર કર્યો છે. ઉલ્ફાએ દાવો કર્યો છે કે આ હુમલામાં તેમના વરિષ્ઠ નેતાનું મોત થયું છે.

ULFA (I) એ એક નિવેદનમાં જણાવ્યું છે કે વહેલી સવારે અનેક મોબાઈલ કેમ્પ પર ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. આ સંગઠનનો દાવો છે કે આ હુમલાઓમાં પ્રતિબંધિત સંગઠનનો એક વરિષ્ઠ નેતા માર્યો ગયો છે, જ્યારે લગભગ ૧૯ અન્ય ઘાયલ થયા છે. ઉલ્ફાના આ દાવા પર લેફ્ટનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે કહ્યું, ‘‘ભારતીય સેના પાસે આવી કોઈ કાર્યવાહી વિશે કોઈ માહિતી નથી.’’

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડ્રોન હુમલામાં ULFA-I ઉપરાંત NSCN-K ના ઠેકાણાઓને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. આ સંગઠનના ઘણા કાર્યકરો પણ માર્યા ગયા છે. જોકે, હજુ સુધી સેનાનું સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ આસામમાં સક્રિય એક મુખ્ય આતંકવાદી અને ઉગ્રવાદી સંગઠન છે, જેની રચના ૧૯૭૯ માં થઈ હતી. તે સમય દરમિયાન, પરેશ બરુઆએ તેમના સાથીઓ સાથે મળીને આ સંગઠનની રચના કરી હતી. તેની પાછળનું કારણ સશસ્ત્ર સંઘર્ષ દ્વારા આસામને સ્વાયત્ત અને સાર્વભૌમ રાજ્ય બનાવવાનું લક્ષ્ય હતું. કેન્દ્ર સરકારે ૧૯૯૦ માં તેના પર પ્રતિબંધ મૂક્યો હતો અને લશ્કરી કાર્યવાહી પણ શરૂ કરી હતી. ૨૦૦૮ માં, ULFA નેતા અરબિન્દા રાજખોવાની બાંગ્લાદેશથી ધરપકડ કરવામાં આવી હતી અને પછી તેને ભારતમાં સોંપવામાં આવ્યો હતો. ULFA ના આતંકને કારણે, ચાના વેપારીઓ એક વખત માટે આસામ છોડી ગયા હતા. સંપર્ક કરવામાં આવતા, સંરક્ષણ પ્રવક્તાએ પીટીઆઈને જણાવ્યું હતું કે આવી કોઈ ઘટનાની કોઈ માહિતી નથી. લેફ્ટનન્ટ કર્નલ મહેન્દ્ર રાવતે જણાવ્યું હતું કે, ‘‘ભારતીય સેના પાસે આવી કોઈ કાર્યવાહીની કોઈ માહિતી નથી.’’

બાંગ્લાદેશી અમ્પાયરનો શરમજનક નિર્ણય

# આકાશદીપને બે વાર ખોટો આઉટ આપ્યો, DRSએ ખોલી પોલ

## શનિવારે લોર્ડ્સ ટેસ્ટના ત્રીજા દિવસે બાંગ્લાદેશી અમ્પાયર શરફુદ્દૌલાની ખરાબ અમ્પાયરિંગની પોલ ખુલી



। લોર્ડ્સ, તા.૧૩ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે લોર્ડ્સમાં ત્રીજી ટેસ્ટ રમાઈ રહી છે. આ મેચમાં ભારતીય ટીમને ખરાબ અમ્પાયરિંગનો અનુભવ થયો. શનિવારે લોર્ડ્સ ટેસ્ટના ત્રીજા દિવસે બાંગ્લાદેશી અમ્પાયર શરફુદ્દૌલાએ ભારતીય ક્રિકેટર આકાશદીપને બે વાર ન્ઉ આઉટ જાહેર કર્યો હતો, પરંતુ બંને વખત તેમનો નિર્ણય ખોટો સાબિત થયો હતો. તમને જણાવી દઈએ કે ભૂતકાળમાં પણ એવી કેટલીક ઘટનાઓ બની છે જ્યારે ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ શરફુદ્દૌલાના ખરાબ અમ્પાયરિંગ નિર્ણયોથી પરેશાન થયા છે.

આ ઘટના ભારતના પ્રથમ દાવની ૧૧૪મી ઓવરની છે જ્યારે આકાશદીપને બાંગ્લાદેશી અમ્પાયર શરફુદ્દૌલાએ બે વાર ન્ઉ આઉટ આપ્યો હતો, પરંતુ જ્યારે ભારતીય ક્રિકેટરે રૂઈજી લીધો ત્યારે સત્ય બહાર આવ્યું. પહેલી ઘટના ૧૧૪મી ઓવરના બીજા બોલ પર બની હતી જ્યારે ક્રિસ વોક્સનો ઈનસ્વિંગ બોલ આકાશદીપના આગળના પેડ પર વાગ્યો હતો. શરફુદ્દૌલાએ આકાશદીપને ન્ઉ આઉટ આપ્યો હતો, પરંતુ આ ભારતીય ક્રિકેટરે તરત જ રૂઈજી લીધો હતો. રિપ્લેમાં દેખાતું હતું કે બોલ સ્ટમ્પ ચૂકી રહ્યો હતો, તેથી શરફુદ્દૌલાએ પોતાનો નિર્ણય બદલવો પડ્યો.

ફરી એક વાર તે જ ઓવરમાં ક્રિસ વોક્સનો પાંચમો બોલ આકાશદીપના પેડ પર વાગ્યો. શરફુદ્દૌલાએ ફરી એકવાર આંગળી ઉંચી કરીને આકાશદીપને ન્ઉ આઉટ આપ્યો. આકાશદીપે ફરી એકવાર રૂઈજી લીધો. રૂઈજી એ ફરીથી શરફુદ્દૌલાની પોલ ખોલી. રિપ્લેમાં દેખાઈ આવ્યું કે બોલ સ્ટમ્પ ચૂકી રહ્યો હતો, તેથી શરફુદ્દૌલાને બીજી વાર પોતાનો નિર્ણય બદલવો પડ્યો. શરફુદ્દૌલાને દુનિયા સામે શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું. ભારત પાસે રૂઈજી હતો, તેથી આકાશદીપ બે વાર બચી ગયો અને અમ્પાયરની વાસ્તવિકતા દુનિયા સામે ખુલ્લી પડી ગઈ. શરફુદ્દૌલાને સોશિયલ મીડિયા પર પણ ભારે ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની પહેલી ઈનિંગમાં ૩૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતનો આ સ્કોર ઈંગ્લેન્ડના પ્રથમ દાવના સ્કોર જેટલો જ હતો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ફક્ત નવમી વાર આવું બન્યું. લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૩૮૭ રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો પ્રથમ દાવ પણ ૩૮૭ રન પર સમાપ્ત થયો હતો. ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ભારતને આ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેણે ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ત્રીજા દિવસના અંતે ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૨ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની પહેલી ઈનિંગમાં ૩૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતનો આ સ્કોર ઈંગ્લેન્ડના પ્રથમ દાવના સ્કોર જેટલો જ હતો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ફક્ત નવમી વાર આવું બન્યું. લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૩૮૭ રન બનાવ્યા હતા. ભારતીય ટીમનો પ્રથમ દાવ પણ ૩૮૭ રન પર સમાપ્ત થયો હતો. ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ભારતને આ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જેણે ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ત્રીજા દિવસના અંતે ઈંગ્લેન્ડે બીજી ઈનિંગમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૨ રન બનાવ્યા હતા.

# મેં ક્યારેય વિચાર્યું નહોતું, કે સાંસદ બનવું આટલું મુશ્કેલ કામ હશે

। નવી દિલ્હી, તા.૧૩ ।

બોલિવૂડ એક્ટ્રેસ કંગના રણૌત હાલમાં પોતાના રાજકીય અનુભવ અંગે નવા નવા ખુલાસા કરી રહી છે. તાજેતરમાં તેણે એક નવો ખુલાસો કરતા કહ્યું કે, તેને રાજકારણમાં મજા નથી આવી રહી. અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા કંગનાએ કહ્યું કે, મેં ક્યારેય વિચાર્યું નહોતું, કે સાંસદ બનવું આટલું મુશ્કેલ કામ હશે. સાંસદ તરીકે કામ વિશે મારો પહેલો અભિપ્રાય એ હતો કે, મારા અન્ય કાર્ય પ્રતિબદ્ધતા સાથે સંભાળી લઈશ. સ્વાભાવિક રીતે મને આશા નહોતી કે આ કામ આટલું મુશ્કેલ હશે.

સાંસદ કંગનાએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો કે, સાંસદ બન્યા પહેલા મને શું કહેવામાં આવ્યું હતું. કંગનાએ કહ્યું કે, જ્યારે મને આ ઓફર મળી હતી, ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે, કદાચ તમારે ૬૦-૭૦ દિવસ માટે સંસદમાં હાજર રહેવું પડશે, અને બાકીના સમયમાં તમે તમારું કામ કરી શકશો, જે મને યોગ્ય લાગ્યું હતું, પરંતુ આ તો મુશ્કેલ કામ છે.

તમને જણાવી દઈએ કે, આ પહેલા કંગનાએ સ્વીકાર્યું હતું કે, તેને રાજકારણ પસંદ નથી. ઓલ ઈન્ડિયા રેડિયોના આત્મનિર્ભર ઈન રવિ પોડકાસ્ટમાં રણૌતે સાંસદ બન્યા પછી તેના પડકારો પર વાત કરી હતી. આ દરમિયાન અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા કંગનાએ સ્વીકાર્યું હતું કે, રાજકારણમાં તેને બિલકુલ મજા નથી આવી રહી.

તેણે કહ્યું કે, હવે મને તેનો ખ્યાલ આવી રહ્યો છે કે, એટલે હું એવું નહીં કહું કે,મને રાજકારણમાં મજા આવી રહી છે. આ બિલકુલ અલગ પ્રકારનું કામ છે. સમાજ સેવા જેવું. મારુ આ બેકગ્રાઉન્ડ નથી રહ્યું. મેં ક્યારેય લોકોની સેવા કરવાનું વિચાર્યું ન હતું.

# હિમાચલ પ્રદેશમાં અતિભારે વરસાદને કારણે ભયાવહ સ્થિતિ

। મંડી, તા.૧૩ ।

દેશમાં વરસાદી માહોલ જામ્યો છે, ત્યારે હિમાચલ પ્રદેશમાં અતિભારે વરસાદને કારણે ભયાવહ સ્થિત થઈ રહી છે. આ દરમિયાન હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના સરાજ વિસ્તારમાં પહાડોમાં અચાનક ભૂસ્ખલન થતાં પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરની ગાડી પર ઓચિંતા પથ્થર પડે છે. એટલામાં પૂર્વ સીએમ ભાગીને પોતાનો જીવ બચાવે છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

તમને જણાવી દઈએ કે, ચંડીગઢ-મનાલી રાજમાર્ગ પંડોહમાં પણ ભૂસ્ખલન થવાથી લગભગ ૬.૫ કિ.મી.ના રસ્તો બ્લોક થયો હતો. જોકે, આ પછી જેસીબી બોલાવીને કાટમાળને દૂર કરવામાં આવી રહ્યો છે. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અનુસાર, છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૨૭ લોકો ગુમ છે અને ૧૬ મેગાવોટના હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટને પણ ભારે નુકસાન થયું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (જીઈઞ)ના આંકડા મુજબ, ૨૦ જૂનથી ૧૧ જુલાઈ દરમિયાન રાજ્યમાં વાદળ ફાટવા અને વરસાદને કારણે ૯૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં ૫૬ લોકોના મોત વાદળ ફાટવા, ભૂસ્ખલન, અચાનક પૂર, વીજળીના આંચકા અને ડૂબવાથી થયા છે. જ્યારે બાકીના ૩૬ લોકોના મોત માર્ગ અકસ્માતોથી સંબંધિત હતા. કુલ્લુ, ચંબા અને મંડી જેવા જિલ્લાઓ તેની અસર હેઠળ આવ્યા છે.

રાજ્યભરમાં ૮૪૪ ઘરો અને ૬૩૧ ગૌશાળાને નુકસાન થયું છે. આ ઉપરાંત, ૧૬૪ દુકાનો, ૩૧ વાહનો અને ૧૪ પુલો પણ ક્ષતિગ્રસ્ત થયા છે. તેમજ વીજળી અને પાણી પુરવઠાને પણ અસર થઈ છે. જેમાં ૪૬૩ ટ્રાન્સફોર્મર અને ૭૮૧ પાણી યોજનાઓ ખોરવાઈ ગઈ છે.

# દેશમાં ન્યાયિક વ્યવસ્થા સુધારવાની જરૂર છે : સીજેઆઈનું મોટું નિવેદન

। નવી દિલ્હી, તા.૧૩ ।

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (ઝત્નૈં) બી.આર. ગવઈએ શનિવારે ભારતની ન્યાય પ્રણાલીમાં નડી રહેલા પડકારો વિશે વાત કરી હતી. જેમાં તેમણે કહ્યું કે, ભારતની ન્યાય પ્રણાલી એક અલગ પ્રકારના પડકારોનો સામનો કરી રહી છે, જેને દૂર કરવાની તાતી જરૂરિયાત છે. તેમણે ન્યાય આપવામાં થઈ રહેલા વિલંબ પર સંકેત કર્યો હતો. વર્ષો સુધી ચાલતી કેસની ટ્રાયલ્સ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

હૈદરાબાદની નાલસર યુનિવર્સિટી ઓફ લૉ ખાતે દિક્ષાંત સમારોહમાં બોલતાં સીજેઆઈ ગવઈએ જણાવ્યું કે, અંડર ટ્રાયલના કેદીઓ માટે વર્ષોથી ચાલતી ટ્રાયલ્સ ગંભીર સમસ્યા બને છે. વર્ષો બાદ તેમને કેદમાંથી નિર્દોષ છોડવામાં આવે ત્યારે આ સમસ્યા અત્યંત ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. આ કાયદા-વ્યવસ્થામાં સુધારાની જરૂર છે.

ઝત્નૈંએ આગળ કહ્યું કે, ભલે હું તારણ કાઢું કે, આપણી કાયદાકીય વ્યવસ્થા ખરાબ છે, અને તેને સુધારવાની જરૂર છે. પણ અંતે તો હું પણ ભવિષ્ય માટે આશાવાદી છું કે, મારા સાથી નાગરિકો આ પ્રકારના પડકારોમાંથી મુક્ત થશે. જસ્ટિસ ગવઈએ ભારતીય ન્યાયતંત્ર માટે રોડા સમાન સૌથી મહત્વપૂર્ણ મુદ્દા પર પ્રકાશ પાડતાં કહ્યું કે, ટ્રાયલમાં વિલંબ ક્યારેક દાયકાઓ સુધી ચાલી શકે છે. જે કાયદો અને વ્યવસ્થાને બિનઅસરકારક બનાવે છે. આ વિલંબના કારણે માણસે ઘણુ બધું ચૂકવવુ પડે છે. જેમકે, નિર્દોષ હોવા છતાં લાંબી ટ્રાયલના કારણે ઘણા વર્ષો બાદ જેલમાંથી મુક્તિ મળે છે.

વધુમાં જસ્ટિસ ગવઈએ કાયદાના વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે, આપણું શ્રેષ્ઠ કૌશલ્ય એ છે કે, આપણે ન્યાય પ્રણાલીમાં નડતી સમસ્યાઓને દૂર કરી શકીએ.

આગામી પેઢીના લીગલ પ્રોફેશનલ્સને વિનંતી છે કે, તેઓ પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા સાથે સિસ્ટમમાં નડી રહેલા પડકારો દૂર કરવાની જવાબદારી લે.

તદુપરાંત સીજેઆઈએ કાયદામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, વિદેશ જઈને અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓએ પરિવાર પર બોજો વધારવાના બદલે સ્કોલરશિપ પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. જેથી પરિવારે નાણાકીય ભીડનો સામનો ન કરવો પડે. આ દિક્ષાંત સમારોહમાં તેલંગાણા હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ સુજોય પોલ, તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી, અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પીએસ નરસિમ્હા પણ ઉપસ્થિત હતાં. આ દિક્ષાંત સમારોહમાં તેલંગાણા હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ સુજોય પોલ, તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી, અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પીએસ નરસિમ્હા પણ ઉપસ્થિત હતાં.

વિશેષ

અમદાવાદમાં શરમજનક કિસ્સો

# સંગીતના ક્લાસમાં શિક્ષકે સગીરા સાથે બાંધ્યા સંબંધ

## સંગીતના પ્રજ્ઞાચક્ષુ શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થીનીની સંગીત શીખવવાની સાથે સાથે શારીરિક અડપલાં કર્યા હતા







। અમદાવાદ, તા.૧૩ ।

શિક્ષકને માતા પિતાથી પણ વધુ મહત્વ આપવામાં આવ્યું છે ત્યારે જ શહેરના રાયખડ વિસ્તારમાં ગુરુ અને શિષ્યના સંબંધોને લાંછન લગાવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સંગીતના પ્રજ્ઞાચક્ષુ શિક્ષકે વિધાર્થીની સાથે શારીરિક અડપલા કર્યા છે. એટલું જ નહીં જો કોઈને જાણ કરશે તો મારવાની પણ ધમકી આપી હતી.

સામાન્ય રીતે શિક્ષકની કામ સંસ્કારનું સિંચન કરીને વિધાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની રાહ બતાવવાનું હોય છે. પરંતુ વર્તમાન સમયમાં કેટલાક લંપટ શિક્ષકો વિધાર્થીનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાના બદલે જીવન બરબાદ કરી નાંખતી હરકતો કરતા હોય છે. શહેરના રાયખડ વિસ્તારમાં પણ આવો જ એક બનાવ બન્યો છે.

રાયખડમાં આવેલ એક શાળામાં સંગીતના પ્રજ્ઞાચક્ષુ શિક્ષકે ૧૩ વર્ષીય વિદ્યાર્થીનીની સંગીત શીખવવાની સાથે સાથે શારીરિક અડપલાં કર્યા છે, જેમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થીનીને સંગીત કલાસમાં બોલાવીને કપડા ઉપર કરાવીને શરીર પર હાથ ફેરવ્યા હતા. બાદમાં આટલાથી જીવ ના ભરાતા સગીરાના ગુપ્ત ભાગે અડપલા કર્યાનો ઉલ્લેખ પોલીસ ફરિયાદ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, સહિત પ્રજ્ઞાચક્ષુ સંગીત શિક્ષક દ્વારા પોતાના કપડા ઉતારીને સગીરાને પોતાના પર બેસાડી હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધવામાં આવ્યું છે અને આવું એક દિવસ નહિ પણ ૧૦-૧૦ દિવસ સુધી કર્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે જે અંગેની જાણ વિધાર્થિનીએ તેના માતાને કરતા શિક્ષક ની કાળી કરતૂતોનો પર્દાફાશ થયો છે.

પરિવારના ધ્યાને આવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસથી શાળાથી આવ્યા બાદ વિધાર્થીની ગુમસુમ બેસી રહેતી હતી. જેથી તેની માતાએ આ બાબતે તેને પૂછતાં દીકરીએ કહ્યું હતુ કે સંગીતના શિક્ષક રણછોડ રબારી છેલ્લા કેટલાક દિવસથી તેને હેરાન પરેશાન કરે છે અને ખરાબ ખરાબ અડપલા પણ કરે છે. રિશેષ દરમિયાન વિધાર્થીનીને બોલાવતા અને તેની સાથે શારીરિક અડપલા કરતો હતો. જો કે તેમણે અન્ય વિદ્યાર્થીનીઓ સાથે પણ અડપલા કર્યા હોવાની શંકાએ પોલીસે વધુ તપાસ પણ શરુ કરી છે. આરોપી વિધાર્થીનીને ધમકી આપતો હતો કે જો આ બાબતની જાણ કોઈને કરશે તો તેને મારશે આવી ધમકી પણ આપી હતી. હાલમાં ગાયકવાડ હવેલી પોલીસે આરોપી પ્રજ્ઞાચક્ષુ સંગીતના શિક્ષક રણછોડ રબારીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જો કે તપાસ દરમિયાન પણ અનેક ખુલાસા થાય તેવી શક્યતા જોવા મળી રહી છે. જો કે તેમણે અન્ય વિદ્યાર્થીનીઓ સાથે પણ અડપલા કર્યા હોવાની શંકાએ પોલીસે વધુ તપાસ પણ શરુ કરી છે. આરોપી વિધાર્થીનીને ધમકી આપતો હતો કે જો આ બાબતની જાણ કોઈને કરશે તો તેને મારશે આવી ધમકી પણ આપી હતી. હાલમાં ગાયકવાડ હવેલી પોલીસે આરોપી પ્રજ્ઞાચક્ષુ સંગીતના શિક્ષક રણછોડ રબારીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જો કે તપાસ દરમિયાન પણ અનેક ખુલાસા થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

**ન્યૂઝ બ્રિફ**

## રેલવેના મહાપ્રબંધક દ્વારા પાલનપુર-સાબરમતી સેક્સનનું નિરીક્ષણ કરાયું

। (એજન્સી) અમદાવાદ,તા.૧૨ ।

પશ્ચિમ રેલવે તથા મધ્ય રેલવેના મહાપ્રબંધક ધર્મ વીર મીણાએ અમદાવાદ મંડળના પાલનપુર-સાબરમતી સેક્શનનું નિરીક્ષણ કર્યું અને સાબરમતી, પાલનપુર અને કલોલ સ્ટેશનો પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, મીણાએ સુરક્ષા અને સંરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કાર્ય, સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ અને અન્ય વિકાસ કાર્યોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, મહાપ્રબંધકની સાથે મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્મા અને અમદાવાદ મંડળના શાખા અધિકારીઓ પણ હાજર હતા. મહાપ્રબંધક ધર્મ વીર મીણાએ પાલનપુરથી સાબરમતીની વચ્ચે રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ, મહત્વપૂર્ણ અને નાના પુલો.

## સિદ્ધપુરમાં પૈસાની લેતી દેતી મામલે કરાયું ફાયરિંગ

। (એજન્સી) સિદ્ધપુર,તા.૧૩ ।

રાજ્યમાં દિવસેને દિવસે લૂંટ અને ફાયરિંગની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે પાટણ જિલ્લાના સિદ્ધપુર શહેરમાં આવેલી તાહેરપુરા પુલ નીચે પૈસાની લેતી દેતી મામલે કૌટુંબિક ભાઈ હુસેન નાગોરી અને ગુલામ શેખ નામના કૌટુંબિક ભાઈએ સાહિલ પિંઢારા પર ફાયરિંગ કર્યાની ઘટના સિદ્ધપુર પોલીસેને જાણ થતાં આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સિદ્ધપુરમાં કૌટુંબિક ભાઈઓ વચ્ચે પૈસાની લેતી દેતી મામલે છેલ્લે ઘણા દિવસોથી મન દુઃખ ચાલતું હતું, ત્યારે બે દિવસ અગાઉ સિદ્ધપુરના તહેરપુરાના પુલ નીચે કૌટુંબિક ભાઈ સાહિલ પીંડારા પર ગુલામ શેખ અને હુસેન નાગોરી નામના બે શખ્સોએ ગેરકાયદેસર દેશી તમંચાથી બે રાઉન્ડ ફાયરિંગ કરતા સાહિલ પિંઢારા નામના વ્યક્તિને પગના ભાગે ઈજા થઈ હતી, તેની જાણ થતાં સિદ્ધપુર પોલીસે બંને આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા, ત્યારે પોલીસે ગણતરીના કલાકોમાં જ ગુલામ શેખ અને હુસેન નાગોરી એમ બંને આરોપીઓને પકડી જેલના સળિયા પાછળ ધકેલ્યા હતા. નાયબ પોલીસ અધિક્ષક કે.કે.પંડ્યાના જણાવ્યા પ્રમાણે કૌટુંબિક ભાઈઓને પૈસાની લેતી દેતી મામલે તહેરપુરા પુલ નીચે મોડી રાત્રે એક ફાયરિંગની ઘટનાની સિદ્ધપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી હુસેન નાગોરી અને ગુલામ શેખને દેશી તમંચા.

# ફાર્મ હાઉસમાં કેફી પ્રદાર્થ પીવડાવી યુવતી સાથે માણ્યું શરીરસુખ, વરાછા વિસ્તારમાં ૧૬ વર્ષય કિશોરી સાથે દુષ્કર્મનો બનાવ

। (એજન્સી) સુરત,તા.૧૩ ।

વરાછાની એક કિશોરીને તેના મિત્રો મારફતે સંપર્કમાં આવેલા એક યુવકે, ફરવાના બહાને ફાર્મ હાઉસમાં લઈ જઈને પ્રથમ કિશોરીને નશીલો પદાર્થ પીવડાવ્યો હતો.

ત્યારબાદ અર્ધબેભાન હાલતમાં બીભત્સ ફોટા અને વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી અલગ અલગ ફાર્મ હાઉસમાં લઈ જઈ તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો.

યુવકના મિત્રએ પણ સોશિયલ મીડિયા મારફતે જો આ અંગે કોઈને કહેશે તો તને જાનથી મારી નાંખશે એવી ધમકી આપી હતી. આખરે કિશોરીએ હિંમત કરી વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. જે બનાવવામાં પોલીસે ફરિયાદના આધારે બે પૈકી હાર્દિક કાછડ નામના આરોપીની ધરપકડ કરી છે.




સુરતના વરાછામાં રહેતી ૧૬ વર્ષીય કિશોરી તેના મિત્રો મારફતે વરાછા સીતાનગર ઈશ્વર નગર સોસાયટીમાં રહેતા હાર્દિક ઘુસાભાઈ કાછડના સંપર્કમાં આવી હતી. હાર્દિકે તેની સાથે વાતચીત કરી મિત્રતા કેળવી હતી અને ત્યારબાદ કિશોરીને પોતાની વાતોમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી હતી. હાર્દિક તેને ફરવાના બહાને ફાર્મ હાઉસમાં લઈ ગયો હતો, જ્યાં કિશોરીને નશીલા પદાર્થવાળું પીણું પીવડાવી દીધું હતું.

કિશોરી અર્ધબેભાન થઈ જતા તેના બીભત્સ ફોટાઓ પાડી, મોબાઈલમાં વિડીયો ઉતારી લીધા હતા. આ ફોટો, વિડીયો વાયરલ કરવાની ધમકી આપી તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. એટલું જ નહીં પરંતુ હાર્દિકના મિત્ર સની નામના યુવકે કિશોરીને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ કરી આ વાતની જાણ ઘરે કે પોલીસને કરશે તો મારી નાંખવાની ધમકી આપી હતી.

બનાવ સંદર્ભે કિશોરીએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે બળાત્કારનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હતી. જે બનાવવામાં વરાછા પોલીસે બે પૈકી હાર્દિક કાછડ નામના આરોપીની ધરપકડ કરી છે જ્યારે શનિ ની પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર, ૪૧.૫૬ ટકા




। અમદાવાદ,તા.૧૩ ।

ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨ના પરિણામ જાહેર થયા બાદ પરીક્ષામાં નિષ્ફળ રહેલા પરીક્ષાર્થીઓને લઈને જૂન-જુલાઈ ૨૦૨૫ દરમિયાન પૂરક પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૨૩ જૂન, ૨૦૨૫થી ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા શરૂ થઈ હતી.

ત્યારે શનિવારે (૧૨મી જુલાઈ) ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.મળતી મહાતિ અનુસાર, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓ હતા, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં હાજર રહ્યા હતા અને ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એટલે ૪૧.૫૬ ટકા પરિણામ આવ્યું છે.

A ગ્રૂપનું પરિણામ ૪૬.૩૨ ટકા આવ્યું છે અને B ગ્રૂપનું પરિણામ ૪૦.૪૭ ટકા આવ્યું છે. આ ઉપરાંત AB ગ્રૂપનું પરિણામ ૩૭.૫૦ ટકા આવ્યું છે.ત્યારે શનિવારે (૧૨મી જુલાઈ) ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૪૧.૫૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે.મળતી મહાતિ અનુસાર, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯,૨૫૧ વિદ્યાર્થીઓ હતા, જેમાંથી ૧૬,૭૮૯ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં હાજર રહ્યા હતા અને ૬,૯૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. એટલે ૪૧.૫૬ ટકા પરિણામ આવ્યું છે.

A ગ્રૂપનું પરિણામ ૪૬.૩૨ ટકા આવ્યું છે અને B ગ્રૂપનું પરિણામ ૪૦.૪૭ ટકા આવ્યું છે. આ ઉપરાંત AB ગ્રૂપનું પરિણામ ૩૭.૫૦ ટકા આવ્યું છે. શિક્ષણ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'જૂન-જુલાઈ ૨૦૨૫માં યોજાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષાનું પરિણામ ૧૨મી જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પરિણામ બોર્ડની વેબસાઈટ gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક નાખીને પરિણામ મેળવી શકશે.' ઉલ્લેખનીય છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ હેઠળ જૂન-જુલાઈ મહિના દરમિયાન ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષા લેવામાં આવી. જેમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા ૨૩ જૂન, ૨૦૨૫ શરૂ થઈ હતી.

### ૨૬ એકમોના ડ્રેનેજનાં જોડાણો બંધ કરાયા છે

## મિલવાળા દ્વારા મફતનગરમાં કેમિકલવાળું પાણી છોડવામાં આવ્યું

**કમિટિના ચેરમેન સોમનાથ મરાઠેના આક્ષેપ કરવા સાથે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી**

। (એજન્સી) સુરત,તા.૧૩ ।

સુરત મનપા અને જીપીસીબીની મિલીભગત અને હપ્તાખોરીના કારણે લોકોના આરોગ્ય પર જોખમ ઉભું થયું હોવાનો ટ્રાન્સપોર્ટ કમિટિના ચેરમેન સોમનાથ મરાઠેના આક્ષેપ કરવા સાથે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી જે બાદ સુરતમાં અત્યાર સુધી ૨૬ એકમોના ડ્રેનેજનાં જોડાણો બંધ કરાયા છે,

સુરતના વિવિધ વિસ્તારમાં ગરીબ અને મધ્યમવર્ગ તેમજ શ્રમજીવી લોકો વસવાટ કરે છે. આ લોકોના વસવાટની નજીક જ કેમિકલવાળા પાણીની સમસ્યા વિકટ બની રહી છે, મફતનગરમાં કેમિકલવાળું પાણી મિલવાળા છોડી રહ્યા છે. આ સમસ્યા સામે જીપીસીબી કે પાલિકાની કોઈ પ્રકારની વોચ ન હોવાથી તેઓ કેમિકલવાળું પાણી ટ્રીટ કર્યા વિના છોડી રહ્યા છે. જેની ફરિયાદ લોકો દ્વારા કર્યા બાદ ડ્રેનેજ કમિટી ચેરમેન કેયુર ચપટવાળા અને જીપીસીબી દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે, આ અંગે ડ્રેનેજ કમિટી ચેરમેન કેયુર ચપટવાળા એ જણાવ્યું હતું કે ગુરુવારે ઉધના ઝોનમાં ૮ એકમોના ડ્રેનેજ કનેક્શન સીલ કરવામાં આવ્યા હતા.

ઉધના વિસ્તારમાં ચાલતા કેટલાક ગેરકાયદેસર તપેલા ડાઈંગ સંચાલકો ડ્રેનેજમાં કનેક્શન કરી ટ્રીટમેન્ટ કર્યા વગરનું પાણી ડ્રેનેજ લાઈનમાં છોડી રહ્યા છે. હાલમાં ગત રવિવારે પણ વરસાદ પડી રહ્યો હતો ત્યારે ઉધના વિસ્તારમાં ગટરમાંથી કેમિકલયુક્ત પાણી રોડ પર લીકેજ થતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ત્યારબાદથી પાલિકાની ટીમે કાર્યવાહી શરૂ કરી છે. ગુરુવારે ઉધના ઝોનની ટીમ દ્વારા ૨૧ જેટલા યુનિટો પર તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૦૮ યુનિટો દ્વારા ગેરકાયદેસર જોડાણ હોવાનું બહાર આવતા તમામના કનેક્શન સીલ કરી દેવાયા હતા. જ્યારે ૧૩ તપેલા ડાઈંગ યુનિટો બંધ થઈ ગયા હતા અને ત્યાં અન્ય વેપાર-ઉદ્યોગ ચાલુ કરવામાં આવ્યા હતા.

અત્યાર સુધી પાલિકા દ્વારા કુલ ૨૬ જેટલા એકમોના ડ્રેનેજ કનેક્શન સીલ કરાયા છે. કેમિકલ યુક્ત પાણીને કારણે લોકોનો જીવ જોખમમાં મુકાય છે અનેક ફરિયાદો ઉઠે છે. કોઈ કાર્યવાહી નહીં હાલ તો સિલીંગની કામગીરી કરીને પાલિકાના અધિકારીઓ સંતોષ માની રહ્યા છે પરંતુ સવાલ એ થાય છે કે આ સીલ કેટલા દિવસ રહેશે અને જો આ એકમો ફરી ધમધમતા થશે તો શું ફરી સીલ કરવાની રમત રમાશે,પાલિકા અને જીપીસીબીની મિલીભગત લોકોના જીવ સાથે જોખમ સર્જી રહી હોવાના ખુદ ભાજપ કોર્પોરેટરના આક્ષેપ છે, હવે જોવું એ રહ્યું કે ગેરકાયદેસર તપેલા ડાઈંગ પર ખરેખર કાર્યવાહી થશે કે પછી માત્ર કાગળ પર આ કાર્યવાહી રહી જશે.

### ગ્રામ સેવક લાંચ લેતા ઝડપાયો

## લુણાવાડામાં ગ્રામ સેવકને ACBએ ૧૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો

**આ બનાવ વિશે પીસીએક્ટ (ભ્રષ્ટાચાર નિયંત્રણ કાયદો) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને કાયદેસર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે**

। (એજન્સી) મહિસાગર,તા.૧૩ ।

મહિસાગર જિલ્લામાં એન્ટી-કરપ્શન બ્યૂરો (છઝ્રમ્)ને એક મોટી સફળતા મળી છે. લુણાવાડા તાલુકાની સાવલી ગ્રામ પંચાયતમાં એક ગ્રામ સેવકે આવાસ યોજના સાથે સંકળાયેલ કાર્ય કરતી વખતે લાંચ રૂ. ૧૦,૦૦૦ની લાંચ લેવાનો પ્રયાસ કર્યો, જેને છઝ્રમ્એ ઝડપી લીધો છે.

ઘટના એવી રીતે બની છે કે ગ્રામ સેવકે એક લાભાર્થી પાસેથી આવાસ યોજનામાં ઉઘરાણું કરવા માટે રૂ. ૧૦,૦૦૦ની લાંચની માંગ કરી હતી.

લાભાર્થીએ છઝ્રમ્ને જાણકારી આપી હતી. જાણકારી મળતાં જ એન્ટી-કરપ્શન બ્યૂરોના અધિકારીઓએ તત્કાલ કાર્યવાહી શરૂ કરી અને ગ્રામ સેવકને લાંચ લેતા પકડી લીધો છે.લાંચની રકમ પણ જપ્ત કરવામાં આવી છે. આ બનાવ વિશે પીસીએક્ટ (ભ્રષ્ટાચાર નિયંત્રણ કાયદો) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને કાયદેસર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ સફળતા એન્ટી-કરપ્શન બ્યૂરોની અસરકારતા અને નિષ્ઠાનું પ્રતીક છે.

આવી કાર્યવાહીથી ગ્રામીણ અને પંચાયત સ્તરે કામ કરતા લોકોમાં ભ્રષ્ટાચાર કરતા ડરનું ભાવન જાગૃત થશે. આવાસ જેવી મહત્વપૂર્ણ યોજનાઓમાંથી ભ્રષ્ટાચાર દૂર કરીને જનતાનો વિશ્વાસ અને જનમાન્યતા વધશે. આ પ્રકારની કાર્યવાહીઓ ચાલુ રાખવી જરૂરી છે.

## ગારીયાધારમાં ધોધમાર વરસાદ વરસ્યો, અનેક વિસ્તારોમાં ભરાયા પાણી

। ભાવનગર,તા.૧૩ ।

ભાવનગર જિલ્લાના ગારીયાધાર શહેરમાં આજે ૫ વાગ્યાની આસપાસ કાળા દિબાંગ વાદળો ઘસી આવ્યા હતા અને ધોધમાર વરસાદ તૂટી પડતાં રોડ ઉપર ચારે તરફ પાણી પાણી થઈ ગયું હતું. ગારીયાધાર શહેરમાં નીચાણવાળા મુખ્ય માર્ગો પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે. પચ્છેગામ રોડ, આશ્રમ રોડ, બાયપાસ રોડ, વાવ દરવાજા, રાજપૂત વાડી, વાવ દરવાજા, રુપાવટી રોડ સહિતના વિસ્તારોમાં રોડ છે જે પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

તમને જણાવી દઈએ કે ગારીયાધારમાં એક દિવસના વિરામ બાદ ફરી આજે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો અને પોણા કલાકમાં જ દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. ગારીયાધાર પંથકમાં જો વાત કરવામાં આવે તો પચ્છેગામ, ગણેશ ગઢ, રુપાવટી, પરવડી, રતનવાવ, નવાગામ, નાની વાવડી સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ચારેબાજુ પાણી ભરાયા હતા. વરસાદને લઈને હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આજે ગારીયાધારમાં ધોધમાર વરસાદ પડ્યો છે. હાલ વધુ પડતાં વરસાદને કારણે ખેડૂતો પણ ચિંતિત બન્યા છે, વરસાદ હવે જો વિરામ આપે તો ખેતરોમાં નિંદામણ થાય, કારણ કે વારંવાર વરસાદ પડવાના કારણે ખેતરોમાં ખાસ જામી ગયા છે, ત્યારે હવે સૌ કોઈ વરસાદ વિરામ આપે તેવી ઈચ્છા રાખી રહ્યા છે. બીજી તરફ રાજકોટના જસદણના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો છે. ભારે ગરમી અને ઉકળાટ બાદ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસતા લોકોને ઠંડકનો અનુભવ થયો છે. રાજકોટના આટકોટ, ચિતલીયા, જંગવડ, વીરનગર સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.







## ઉધાર આપવાની ના પાડતા રાજકોટના વેપારી પર તલવારથી જીવલેણ હુમલો

। રાજકોટ, તા.૧૩ ।

સુરત, અમદાવાદ બાદ હવે રાજકોટમાં પણ ક્રાઈમની ગંભીર ઘટનાઓ સામે આવી રહી છે. કારણ કે તાજેતરમાં રાજકોટ શહેરના એક વેપારી પર તલવારથી જીવલેણ હુમલો થયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ વેપારીની ભૂલ માત્ર એટલી જ હતી કે, તેણે ગ્રાહકને ઉધાર આપવાની ના પાડી હતી. જે બાદ ગ્રાહકે તલવાર કાઢી વેપારી પર તૂટી પડ્યો અને આ આખી ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. મળતી માહિતી અનુસાર, રાજકોટ શહેરમાં પ્રદ્યુમન નગર પોલીસ મથક વિસ્તારમાં જેસિંગ હુંબલ નામના વેપારીએ નાની એવી દુકાન નાખી ધંધો વ્યવસાય કરી પોતાનું ગુજરાન ચલાવે છે, જ્યાં આરોપી જયપાલસિંહ જાડેજાની પત્નીએ આવીને ઉધારમાં વસ્તુઓ માંગી હતી. જોકે વેપારીએ તેને ઉધાર આપવાની ના પાડી હતી. આ બાબતે ગુસ્સે ભરાયેલા જયપાલસિંહે વેપારી પર તલવાર વડે હુમલો કર્યો હતો. હાલ આ ગંભીર ઘટનાના CCTV વીડિયો પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે, વેપારી પર એક વ્યક્તિ તલવાર લઈને તૂટી પડે છે, જેના બચાવમાં વેપારી ક્રિકેટ બેટથી પોતાનો બચાવ કરે છે, છતાં પણ તેના ડાબા હાથ પર તલવારનો એક ઘા વાગી જતાં, તેનો હાથ લોહીલુહાણ થઈ જાય છે. તો બીજી તરફ, તલવાર સાથે ઉભેલા શખ્સને એક મહિલા હાથ પકડીને ત્યાંથી લઈ જાય છે.

આ ગંભીર ઘટનામાં વેપારી જેસિંગ હુંબલને ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ થઈ હોવાનું સામે આવ્યું છે. જેથી તેમણે પ્રદ્યુમન નગર પોલીસ મથક ખાતે મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે. જોકે ધોળા દિવસે આવી ગંભીર ઘટનાઓ બનતા સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. જેથી પોલીસે હાલ આ મામલે ઝ્રઝ્ર્ફ ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે અને આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ગગડીયો નદી ઉપરનો પુલ છેલ્લા બે વર્ષથી તંત્ર દ્વારા બંધ કરી દેવાયો

। (એજન્સી) અમરેલી,તા.૧૩ ।

સુરેન્દ્રનગરના જૂના જંક્શન પાસેનો ઓવરબ્રિજ બેસી ગયો છે. અત્રે જણાવીએ કે, માત્ર ૫ વર્ષ પહેલા બનેલા આ બ્રિજનો ભાગ બેસી જતા ભ્રષ્ટાચાર છતો થયો છે. રૂપિયા ૪૪ કરોડના ખર્ચે આ બ્રિજ બનાવવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લા પંચાયત હસ્તકના દામનગર અમરેલીને જોડતા મુખ્ય માર્ગ ઉપર આવેલા સાજણ ટીંબા ગામે ગગડીયો નદી ઉપરનો પુલ છેલ્લા બે વર્ષથી તંત્ર દ્વારા બંધ કરી દેવાયો છે. જેના કારણે આસપાસના ૮થી૧૦ ગામના લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અહીં સરકારી બસ બસ આવી શકતી ન હોવાથી વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે પોતાના પ્રાઈવેટ વાહનો લઈ મુકવા જવા પડે છે. ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બુલન્સ પણ અહીં ડાયરેક્ટ આવી શકતી ન હોવાથી દર્દીઓ કે પ્રસૂતાને હોસ્પિટલ લઈ જવા માટે ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સાજણ ટીંબા ગામે આવેલો ગગડીયો નદી ઉપરનો પુલ અત્યંત જૂનો અને જર્જરિત થઈ ચૂક્યો હતો. કોઈ ગંભીર અકસ્માત ના સર્જાય તેના માટે તંત્ર દ્વારા આ પુલ ઉપર માટી નાખી છેલ્લા બે વર્ષથી પુલ ઉપર અવર જવર બંધ કરી દેવામાં આવી છે. લોકોને હાલાકી ના પડે તેના માટે નદીમાં કાચું બે મોટા ભૂંગળા વાળું ડ્રાઈવર્ઝન કાઢવામાં આવ્યું છે. પરંતુ ડ્રાઈવર્ઝન માત્ર નામ પૂરતુ જ છે, કારણ કે નદીમાં પૂરના પાણી આવતાં જ બધી માટી તણાઈ જાય છે અને રસ્તો બંધ થઈ જાય છે. સ્થાનિક રહીશ લાલજીભાઈ માલધારીએ જણાવ્યું હતું કે દામનગરથી અમરેલીને જોડતો આ મુખ્ય માર્ગ હોવાના કારણે ગુંદરણ,આસોદર, હરિપર , સાજણ ટીંબા સહિત ૮ થી ૧૦ ગામોના લોકોને અવાર નવાર લીલીયા અને અમરેલી જવાની ફરજ પડે છે. આ ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ પણ લીલીયા અને અમરેલી ઉપડાઉન કરે છે. એક પણ એસટી બસ આવતી ન હોવાથી વિદ્યાર્થીઓ શાળાએ મોડા પહોંચે છે અથવા તો જઈ શકતા નથી. અહીં આસપાસનો વિસ્તારના સિંહ દીપડા જેવા વન્ય પ્રાણીઓ વસવાટ કરતા હોવાના કારણે બાળકોને તેમના માતા પિતા એકલા મૂકી પણ શકતા નથી. આ ઉપરાંત દર્દીઓ માટે એમ્બુલન્સ જેવી ઈમરજન્સી સર્વિસ પણ ડાયરેક્ટ આવી શકતી નથી. હોસ્પિટલ જવા માટે આશરે ૧૫ કિલોમીટર ફરીને જવું પડે છે, જેના કારણે સમય પણ વધુ લાગે છે. તંત્રના પાપે પ્રસુતાઓને હોસ્પિટલ પહોંચાડવા માટે પણ ખુબજ મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે સાજણ ટીંબા ગામના સરપંચ સહિત તમામ ગામના લોકો દ્વારા તાત્કાલિક પુલ બનાવવામાં આવે અને વૈકલ્પિક રસ્તો સારો અને પાક્કો કરવામાં આવે તેવી માંગ કરી છે. આ અંગે લીલીયા મત વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાળા સાથે ટેલિફોનિક વાત કરતા તેઓએ યોગ્ય જવાબ આપવાનું ટાળ્યું હતું અને અધિકારી પાસે માહિતી મેળવવા જણાવ્યું હતું. બાદમાં માર્ગ અને મકાન વિભાગના અધિકારી સાથે ટેલિફોનિક વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે આ પુલનું ટેન્ડર થઈ ગયું છે અને એજન્સી પણ નક્કી થઈ ગઈ છે. ટૂંક સમયમાં જ આ કામ શરૂ કરવામાં આવશે. ત્યારે શું હવે ખરેખર લોકોની આ સમસ્યાનો ઉકેલ આવશે કે પછી તંત્રના પાપે લોકોની મુશ્કેલીઓ યથાવત રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨